મધુરકાવ્યવાટિકા.

રચી પ્રસિદ્ધ કરનાર

રેવ. દાનીયેલ ડાહ્યાભાઇ,

(ભાઝાણીના પુસ્તકની ગુજરાતીમા ટીકા રચનાર).

કેરીપુર.

દોહરો.

જેમાં દોષાન નાઠી, ત્યમ પ્રાસાનુપ્રાસ
પણ જગતારક પ્રેમનો. બેઉને સરસ સુવાસ.

આવૃત્તિ ૧ લી—પ્રત ૧૦૦૦.

સુરત:

ઐરિશ મિશન પ્રેસમા જે. આર. સ્કોટે છાપી.

ઇ૦ સન ૧૯૧૫.

કિંમત ૩ આના.

गूजरात विद्यापीठ ग्रंथालय
[गुजराती केपीराजित विभाग]
अनुक्रमांक ૫૮-૨૨ वर्गांक
पुस्तकनुं नाम મધુર કાવ્યવાટિકા
विषय ૯-:૪

મધુરકાવ્યવાટિકા.

રચી પ્રસિદ્ધ કરનાર

રેવ. દાનીયેલ ડાહ્યાભાઇ,

(માલાખીના પુસ્તકની ગુજરાતીમાં ટીકા રચનાર).

કેરીપુર.

દોહરો.

જોશો દોષોને નહી, ત્યમ પ્રાસાનૂપ્રાસ;
પણ જગતારક પ્રેમનો, લેજો સરસ સુવાસ.

આવૃત્તિ ૧ લી—પ્રત ૧૦૦૦.

સુરત:

ઐરિશ મિશન પ્રેસમાં એચ. આર. સ્કોટે છાપી.

ઈ૦ સ૦ ૧૯૧૫.

કિંમત ૩ આના.

ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગૂજરાતી કૉપીરાઈટ-સંગ્રહ
૫૯-૨૨

અર્પણપત્રિકા.

પ્રિય તથા માનવંતા
સ્ટીવન્સન કૉલેજના પ્રિન્સિપાલ
રેવ. જી. પી. ટેલર સાહેબ, એમ. એ., ડી. ડી,

વિજ્ઞપ્તિ:— મુ અમદાવાદ

દોહરા.

મુજ પ્રેમી શિક્ષાગુરૂ, સન્માની શિરતાજ,
આનંદે અર્પણ કરૂ, કાવ્યવાટિકા આજ

આપ્યું બહુ મમતાથકી, મુજને ઇશ્વર જ્ઞાન,
તન, મન પર પણ ખંતથી, નિશદિન દીધું ધ્યાન

પ્રેમ પાઠ એ આપના, ના મનથી વિસરાય;
માટે સેવક શુ કરી. ગુણ ઓશિંગણ થાય

જુગતે જો કદિ કોતરૂ, પુષ્પ બાગની માંય;
તો તે પણ કાળાન્તરે, નિશ્ચે ભુસી જાય

પણ જો રાખુ કોતરી, કાવ્યવાટિકા માંય
તો રજ તે ભુંસાય નહિ, રેશે યાદ સદાય

એમ વિચારી ઉર વિષે, અર્પણ કરવા ખાસ;
આ નાની વાડી રચી, લાવ્યો છુ તમ પાસ

ઇશ્વર સ્તુતિરૂપ મે, રોપ્યા રોપ વિશેષ;
એ તો શોભે આપના, હૃદય આગણે બેશ

જો આ આપ સ્વિકારશો, મમ પ્હેલોજ પ્રયાસ;
તો આભારી આપનો, રેશ સદા હુ દાસ

આપનો અતિ આભારી,
દાનીયેલ ડાહ્યાભાઇ,
કાવ્યકર્તા.

કેરીપુર,
તા. ૧૯-૭-૧૫.

પ્રસ્તાવના.

જગતની દૃષ્ટિએ હું પણ એક કવિ લેખાઉં, ગાનાર મિત્ર, એવો હેતુ મારો નથી, તેમ તેવો દાવો પણ હું ધરાવતો નથી. સબબ, તેવી તાકાત મારામાં નથી. પરતુ જે ગાયનકળા સૃષ્ટિના દરેક મનુષ્યમાં, હા, રાજમહેલથી માંડીને તે ગરીબના ઝુંપડા સુધી અને મોટાથી માંડીને તે પારણામાં હિચોળાતા કુમળા ને નિર્દોષ બાળક સુધી, સુખી, દુખી, અણઘડ, ઘડાએલા, ઉચ, નીચ સર્વમાં ચિતાકર્ષક ને સ્વાભાવિક છે, એટલુજ નહિ પણ કોઇવાર સર્વ સૃષ્ટિ પણ જાણે ગાતી હોય અને ઇશ્વરી અપાર રચનાની અદ્ભુત ખૂબી તથા તેની અખૂટ દયાનુ આપણને ચમત્કારિક રીતે ભાન કરાવતી હોય એમ લાગે છે. વળી તે ઉપરાંત આ લોક ને પરલોકમાં પણ ઇશ્વર-ભક્તિના ગંભિર કાર્યમાં જે મધુરી, માનવત ને અમર પદવી ભોગવનાર તે તો ગાયન કે ગીત છે. તો તેમાં મારા પ્રભુનો અપાર મોટો ને મીઠો પ્રેમ અધિક રીતે ગવાય, અનુભવાય, તેના નામ, કામ, વાત ને રીતનું સ્તવન થાય, ને કેવળ તેનાજ મહિમાનાં ગીતો ગાતાં ગાતાં આ મનુષ્ય અલ્પકાળિક ઉત્તમ જીવન વ્યતિત થાય તો કેવું સારૂ! એવા હેતુથી આ કાવ્ય પુસ્તક મેં બહાર પાડ્યુ છે. અને માત્ર એજ હેતુ રાખીને હરકોઈ ગાનાર ગાશે તો મારી આશા તથા ખાતરી છે કે, પ્રભુના પરમ પવિત્ર પ્રેમની પરમ પવિત્ર સુવાસથી તેનુ આખુ અંત:કરણ મઘમઘી રહેશે, ને પ્રેમ પ્રફુલ્લિત હૃદયમાંથી ભવિષ્ય-વાદી યશાયાહની પેઠે આવા ઉદ્ગારો વારંવાર નીકળ્યા કરશે કે, "હું તો મારા વ્હાલા વિષે, તેની દ્રાક્ષવાડી સંબંધી મારા પ્રિયનું ગીત ગાઉં" (યશા. ૫, ૧).

સદરહુ હેતુ પાર પડે એ કારણ માટે આશરે દશ બાર વર્ષથી મારા મનમાં આ કામની ઉત્કઠા હતી. અને કદી કદી ફુરસદની વેળાએ હું કંઈ કંઈ ગીતો બનાવતો હતો. પરંતુ તા. ૨૮–૧૧–૧૯૧૪ ને રોજ મારી વ્હાલી સ્ત્રી માણેક ગોવિંદ-ભાઈ, પોતાનો આ પૃથ્વી પરનો ટુંક પ્રવાસ પૂરો કરી પ્રભુના સદાના વિશ્રામામા દાખલ થઈ, ત્યાર પછી પ્રભુએ આ કામને માટે મને વિશેષ સુબુદ્ધિ ને હોંસ આપતાં શક્તિમાન કર્યો, એ માટે તેના ગૌરવી નામની સ્તુતિ કરતાં હુ આશા રાખુ છુ કે, આમાંનાં ગીતો દરેક ભાઇબેનને ઉપયોગી થશે અને પ્રભુનો મહિમા અધિકાધિક વધતો જશે તો હુ મારા કામની સફળતા સમજીશ, ને કાવ્યની બીજી પણ ચોપડીઓ બહાર પાડી હુ ગુજરાત તથા કાઠિયાવાડની મડળીની આત્મિક સેવા બજાવવા યથાશક્તિ પ્રયત્ન કરીશ

મારે કહેવુ જોઇએ કે, આ મારો પહેલોજ પ્રયત્ન છે, તેથી તેમાં કંઈ ભૂલો અને ખામીઓ પણ હશે, તેની ના નથી. પરંતુ ગાનાર મિત્ર મને દરગુજર કરશે. અને આ નાની ચોપડીમાં સમાએલા આપણા વ્હાલા તથા મહિમાવાન તારનારના અગાધ ને અનત મિષ્ટ પ્રેમ તરફ પ્રત્યેક પોતાનુ લક્ષબિંદુ રાખશે એવી મારી પ્રીતિપૂર્વક નમ્ર વિનતી છે.

આ પ્રસંગે મારા વ્હાલા તથા માનવતા શિક્ષાગુરૂ મહે. રેવ. ડૉ. જી. પી. ટેલર સાહેબનો હુ ખરા અંત કરણથી મોટો આભાર માનુ છુ, કે તેઓએ આ કામમાં મને ઉદારપણાએ આશ્રય આપ્યો છે. તેમજ મારા માનવંત મહે. રેવ. ડૉ. એચ. આર. સ્કોટ સાહેબને હુ કેમ ભૂલી જાઉ. તેઓએ તો પોતાનો અમૂલ્ય વખત રોકીને આ પુસ્તકમાંનાં ગીતો તપાસ્યાં, ને મને ઉત્તમ પ્રકારની સારી મદદ તથા સલાહ આપી, એ સારૂ તેઓ સાહેબનો પણ હુ અંત:કરણપૂર્વક આભાર માનવો આવશ્યક ગણું છું.

વળી મારા પ્રિય દેશી ભાઇઓ મહે. રેવ. થોમા પાથાભાઇએ તથા મહે. રેવ. પીતાંબર શામજીભાઇએ આ ગીતોનો હસ્તલેખ તપાસી જવાની તસ્દી ઉઠાવી છે, તથા જે ભાઇબેહેનોએ મને અગાઉથી આશ્રય આપી કૃતાર્થ કર્યો છે તે સર્વનો હુ ઘણો ઉપકાર માનુ છુ

હવે છેલ્લે પરમકૃપાળુ પ્રભુપિતા પ્રત્યે મારી નમ્ર પ્રાર્થના છે કે, આ ગીતોદ્વારાએ જગત ત્રાતા પ્રભુ ઇસુની અનુપમ, નિર્વિકાર, અનિર્વાચ્ય અને મધુર પ્રીતિની અનેક પ્રકારની આનદી ને મનોહર સુગધથી દરેક ગાનારનુ હૃદય એવુ તો સુવાસિત થઈ જાય કે, તે "દેવની આગળ ખ્રીસ્તનો સુગંધ" (૨ કરી. ૨; ૧૫) થઇને હર્ષ કે આંસુના પ્રત્યેક પ્રસંગમાં ગાયા કરે કે —

હુ તો ગાઇશ ગીતો રોજ ઇસુના નામનાં રે.

વાત, વિચાર અને કૃતિઓથી, પ્રેમ ભરી રૂડી રીતિઓથી,
રોજ વખાણુ કરીશ પ્રભુનાં કામનાં રે.

આદર ભાવ અને ઉમગે, એકલડો કે સંતો સંગે,
હું ગાઇશ નિત સુગાન, ધણીના ધામનાં રે.

જગવુ હુ જગમાં જયરાગે, પ્રેમ પ્રભુનો વિધવિધ ભાગે,
રાખી ઉર વિચાર સદા આરામના રે.

આમેન.

કેરીપુર,
તા. ૩ જી સપ્ટેમ્બર, ૧૯૧૫.

દાનીયેલ ડાહ્યાભાઇ,
કાવ્યકર્તા

ગીતોનું સાંકળિયું.

અગર જે હોય માંદો તું.	૫૫	જે સ્વામી સહુ વિશ્વનો.	૩
અરજ આટલી સ્વિકાર.	૪૪	તુજ હૃદય પ્રેમી રૂપ પ્રેમી.	૬
અરે ભર્ત ભૂમિતણા ...	૫૩	થંભને નિહાળ જરા ...	૧૦
અહા સોનેરી સ્વર ...	૪	દિન મને નમુ	૨
ઇસુ તારે કાજે અમે ..	૭	ધન ધન નામ ઇસુ ...	૧૭
ઇસુ તુજ સુખ અધિક..	૧૨	ધન્ય ધન્ય ઇસુ પ્રભુ ...	૧
ઇસુ નામ લાગે મને . .	૬૨	નથીજ જીવ તહારૂ ...	૪૮
ઉઠ જીવ, થ્યો પ્રભાત ...	૪૧	નહિ નહિ નહિ ભૂલુ ...	૩૯
એક દિવસ આવશે એવો.	૫૦	પ્રભુ, તેં દુઃખ સહ્યાં ...	૯
કર ખરી સજ્જન ...	૪૯	પ્રભુ, મધુર નજર બહુ...	૧૩
કરૂણામય પ્રભુ પ્યારા...	૨૯	પ્રભુ ચરણ શરણ ...	૧૪
કેવું સુખદ ધામ ...	૮	પ્રભુમાં ખુશ રહી જીવ...	૩૨
ખ્રીસ્ત તુજ વ્હાલુ લાગે.	૫	પ્રભુ ઇસુ વિણ કોણ ...	૩૪
ખ્રીસ્ત વિના તો જીવ ...	૩૫	પ્રભુ તવ પ્રીત અધિક...	૩૮
ગ્રહો ગ્રહો ઓ પાપી ...	૩૦	પ્રભુ તુજ પ્રેમની શાંત...	૬૯
ચિતમાં ચેતી લે પ્રાણીયા.	૬૫	પ્રીત ભર ભયહારી ...	૭૧
છે એક દિવસ મરવાનું.	૩૩	પુરણ પ્રીતિનું રૂપ છે ...	૬૬
છે મમ પ્રેમી પાળક ઇસુ.	૫૧	પ્રેમ ભૂલીશ નહિ તારો.	૨૪
જગતમાં પરમ સુખ ...	૫૬	પ્રેમ ખોટો પ્રેમ ખોટો...	૬૪
જયવંત દેવને	૫૪	પ્રેમે ઇસુ પાસ આવજે.	૬૮
જય જય ઇસુ મહારા...	૬૦	મમ તારક છે પ્રભુ ખ્રીસ્ત.	૨૮
જ્યમ ઇસુ રૈતો... ...	૫૭	મારા પ્રભુના થંભ શિવાય.	૧૧
જાણું જાણું છું સુવાત...	૬૧	મારા પ્રેમી ઇસુ નાથ ...	૧૬
જીવન જાણી લે શાણા...	૩૧	મારો ઇસુ બહુ છે સારો.	૧૮
જૂઠું રે જૂઠું જગને ...	૬૩	લાગે છે ઇસુ નાથ મને...	૩૭

લેશ નથી સુખકાર જગત. ૪૨
વર્સાવ વિભુ સત્ય ... ૫૮
વિતી ગઈ છે રાત .. ૪૦
વાલો એક દિવસ .. ૬૭
શાણુ કહુ એક વાતડી. ૪૬
શી વહે સરિતા પ્રીતની. ૨૭
સમય ખડી લે બુદ્ધિવાન. ૪૫
સહુ પાપી ફેરો મિત્ર ... ૭૦
સહુ સાંભળજો ૪૩
સાંભળ રે સિમોન તું ... ૨૦
સિમોન કરીને એક . ૧૯
સુખદ શુભ આદિતવાર. ૨૬
સુખદાતા જગપતિ પ્રભુ. ૫૨
હાલ, હાલ શા થશે .. ૪૭
હું તો રહીશ સદા નિમગ્ન. ૨૨
હું તો ગાઇશ ગીતો રોજ. ૨૩
હે આકાશી નિર્મળ ... ૫૯
હે ઇસુ પ્રેમાળ ૧૫
હે ખ્રીસ્ત ત્રાતા... ... ૨૧
હે પ્રભુ પ્યારા ૨૫
હે મમ તારક પ્રેમી ઇસુ. ૩૬

મધુરકાવ્યવાટિકા.

"તેણે નવું ગીત, એટલે આપણા દેવનું સ્તોત્ર મારા મુખમાં મૂક્યું છે." ગી. શા. ૪૦, ૩.

૧ ઇશ્વરસ્તુતિ.

મરેઠી રાહ.

ધન્ય ધન્ય ઇસુ પ્રભુ સ્વામી, પ્રીતે પ્રીતે નમુ શિર નામી.
યાચુ બળ અંતરયામી, વિપરિત સરવે દો વામી. ૧

સફળ કરો મમ કાવ્યકૃતિ, નિશ દિન નિર્મળ અર્પ મતિ,
હરનિશ હરખુ વિશ્વપતિ, તુજ ગુણ ગાતાં ગ્રથે અતિ. ૨

આશિશ નિતનિત ન્યારા, બહુ બહુ સારા હે પ્રભુ તુ પ્યારા,
દુર્ગુણ દુર્મતિ દુર થતા, પ્રસરે આત્મિક આરોગ્યતા ૩

જય જય પ્રભુ પ્રીત તારી, મધુકર સારી દુ:ખદળ હરનારી,
સુખકર, દુ:ખહર, શિતકર, ભયહર, મનહર, સતનામી. ૪

---

૨ મદદ માટે ઇશ્વરપ્રાર્થના.

રાગ કલ્યાણ.

દિન મને નમુ, તુજ પદે પ્રભુ;
પ્રેર સન્મતિ સુપેર, દાસને વિભુ. ટેક.

આવ્યો છું નિર્બળ અજ્ઞાની, તુજ પાયાસન પાસ,
બક્ષો બળ પુષ્કળ બળદાતા, ને શુભ જ્ઞાન પ્રકાશ. દિન. ૧

તવ સ્તુતિરૂપી શુભ રોપા, બહુ વિધના રોપાય;
કાવ્ય તણી કોમળ વાટિકા, તુજ સ્નેહે સિંચાય. દિન. ૨

છો સઘળા સદ્દગુણ કૃત્યોમાં, આપ અમાપ અપાર;
કોઈ કવી, લેખક કે ભાષક, નહિ પામે તુજ પાર. દિન. ૩

તોપણ તારા મધસમ મીઠા, પ્રેમ સુગુણ શુભ નામ;
વિધ વિધ રાગે વાટિકામાં, ગાઉં ઠામે ઠામ. દિન. ૪

૩ ખ્રીસ્તનું આગમન.

દોહરા

જે સ્વામી સહુ વિશ્વનો, કેવળ પ્રીતિ રૂપ,
સ્વર ભૂમંડળમાં બધે, તે ગૌરવમય ભૂપ. ૧

દેખી દુનિયા ડુબતી, અનહદ પાપો માંય,
આવ્યો પાસ બચાવવા, સ્નેહ ધરીને રાય ૨

સતો બેથલહેમની, નિર્ખો નમ્ર ગભાણ;
જ્યાં પરિપૂરણ પ્રેમથી, પ્રકટયો સતનો ભાણ. ૩

૪ ઈસુનો જન્મ.

(મારા પ્રેમાળ પતિ ચાલો વૃક્ષ ભણી. એ રાગ).

અહા સોનેરી સ્વર આજ ગાજી રહ્યુ;
ગાજી રહ્યુ, જગ ગજાવી રહ્યું, અહા સોનેરી. ટેક.

સાખી. બેથલહેમની સીમમાં, રેતા ઘેટાંપાળ;
રૂડી રીતે રાખતા, ઘેટાંની સંભાળ;
દિઠો ઓચિંતો આકાશે પ્રકાશ બહુ
દેખી દેખાવ સહુ ધ્રુજી ગયા, ધ્રુજી ગયા રે ધ્રુજાવી રહ્યા.
અહા. ૧

દેવ દૂત વાણી વદ્યો બીશો નહિ તલભાર;
દેવા આજ વધામણી; આવ્યો છું આ દ્વાર.
જન્મ્યો છે આજ જુઓ ઈસુ ઉદ્ધારનાર,
નાનું બેથલહેમ ઝળકી રહ્યું, ઝળકી રહ્યું, ઝળકાવી રહ્યું.
અહા. ૨

પ્રગટી સેના દૂતની, કરતાં જય પોકાર,
મહિમા ઉચ્ચે નાથને, શાંતિ જગ મોઝાર,
ગાએ સુગાન કેવું, દૂતો આનંદમાં,
સ્વર્ગી સુંદર દળ રાચી રહ્યુ, રાચી રહ્યું, નભ રચાવી રહ્યું.
અહા. ૩

રાત હતી રળીઆમણી, શિતળ શાંતિકાર,
બેથલહેમ ગભાણમાં, જન્મ્યો તારણહાર,
વ્યાપ્યો સર્વત્ર આજ આનંદ આનંદ બહુ
ગંભિર ગગન કેવું શોભી રહ્યુ શોભી રહ્યું, સહુ શોભાવી રહ્યુ.
અહા. ૪

---

૫ ઇસુનું નામ વ્હાલું લાગે છે.

(વદીએ દેવ—ગુરૂ સાક્ષાત. એ રાગ).

ખ્રીસ્ત તુજ વ્હાલુ લાગે નામ,
વ્હાલું લાગે નામ,
નામ સમ સુખદ કીધાં પણ કામ. ખ્રીસ્ત. ટેક.

પ્રીછી પીડ પતિત તણી તેં, તરત તજ્યાં સહુ સુખ,
સ્વર્ગ સદનથી સદ્ય સિધાવી, ટાળ્યાં માનવ દુઃખ,
નાથ તુજ દિવ્ય મનોહર નામ,
દુઃખિત મન ઠાર્યાં ઠામે ઠામ, ખ્રીસ્ત. ૧

જનમી જગમાં જગવી જાતે, જબરી જીવન જ્યોત,
પ્રેમ પ્રમાણુ પ્રત્યક્ષપણાએ, આપ્યું પામી મોત.
પૂજય પૂનિત પ્રભુ તુજ નામ
જગતનું સાધ્યુ પ્રેમે કામ. ખ્રીસ્ત. ૨

દેવ છતાં પણ છેક ગણાયો, તું અપરાધી સંગ.
વિંધાયાં વ્હાલા મજ કાજે, કોમળ તારાં અંગ,
પ્રભુ છે પરમ સરસ તુજ નામ,
શ્રમિત જન પામે પુર આરામ. ખ્રીસ્ત. ૩

આત્મિક અંજન આંજી કીધુ, તિમિર હ્રુદયનુ દૂર,
દિવ્ય દિપક પ્રકટયો દિલ ભિતર, ચમકયુ ચોગમ નૂર.
કેમ વિસરૂં વ્હાલું તુજ નામ,
ગયાં મજ મનનાં દુ:ખ તમામ. ખ્રીસ્ત. ૪

શ્રાપિત સ્થંભે સેતાં સંકટ, સોંપી દીધો પ્રાણ.
જીતી મોત સદાનુ કીધુ, નિજ લોકોનુ ત્રાણ,
પ્રેમથી રોજ રટું તુજ નામ,
હ્રુદયનો એજ મધુર વિશ્રામ. ખ્રીસ્ત ૫

સહારી સંતાપ સદાના, હાલ રહે છે સાથ.
પ્રેમામૃત પ્રાશન પણ પુષ્કળ, નિત્ય કરાવે નાથ,
હ્રુદયનુ તું છે શાંતિ ધામ,
ખરીદ્યો દૈ નિજ શોણિત દામ ખ્રીસ્ત. ૬

---

૬ પ્રીતિરૂપ ખ્રીસ્ત.

રાગ કાલિંગડો.

તુજ હ્રુદય પ્રેમી રૂપ પ્રેમી, રીત પ્રેમી ઓ ઈસુ,
તુજ હસ્ત પ્રેમી ચરણ પ્રેમી, નયન પ્રેમી ઓ ઇસુ. ૧

તુજ વચન પ્રેમી વદન પ્રેમી, સદન પ્રેમી ઓ ઈસુ,
તુજ નામ પ્રેમી કામ પ્રેમી, સાદ પ્રેમી ઓ ઇસુ ૨

તારા સુભગ સર્વાંગમાં, પ્રીતિ નરી છે ઓ ઈસુ,
સ્વર સૃષ્ટિની પ્રિયતા બધી, તુજમાં ભરી છે ઓ ઇસુ, ૩

નિષ્પ્રેમ મન પ્રેમી બને, તુજમાં વસીને ઓ ઈસુ,
પ્રેમી બને, પ્રેમી બનાવે, અન્યને તે ઓ ઇસુ. ૪

૭ ઈસુ માટે જીવવું.

(ઇસુ જગતનો છે તારનારો એ રાગ)

ઇસુ તારે કાજે અમે સર્વદા જીવીશુ,
તારે કાજે તારે કાજે, અમે જીવીશુ. ટેક.

મિત્રો અને સ્નેહી બધાં, જો તજી દે અમને કદા,
તોય પ્રભુ તુજને સદા, પ્રેમે ભજીશું. ઇસુ. ૧

આ વિનાશી જગમાં ભલે, સકટો ને મોત મળે,
તોય ઇસુ તુજને નહિ, કદીએ તજીશું. ઇસુ ૨

૮ સ્વર્ગી સુખ.

(કેવો આનદ મારો, કેવો આનદ મારો એ રાગ.)

કેવું સુખદ ધામ, કેવું સુખદ ધામ, આનંદી આકાશ મુાંય,
પ્રભુ ઇસુની કૃપા થકી હું, નિશ્ચે પહોંચીશ ત્યાંય. ટેક.

ત્યાં રહીશ સર્વકાળ, પ્રેમી ખ્રીસ્ત સાથ,
ભેટશે બધાય મિત્ર, માત, તાત, ભ્રાત. કેવુ. ૧

સોનેરી ને સ્વચ્છ, રસ્તા પરે ચાલીશુ.
સાધુ પવિત્ર સંત સાથ, હર્ષે મ્હાલીશું. કેવું. ૨

શોભિતાંજ, શ્રેષ્ઠ, શ્વેત, વસ્ત્ર પ્હેરીશું,
વ્હાલાં સાથ વિણામાં, સુગાન ગાઇશું. કેવુ. ૩

થૈશ ખુશી ખ્રીસ્તથી, થવાય તેટલો,
ગેશ પ્રેમ તેહનો, ગવાય એટલો. કેવુ. ૪

---

૯ ઇસુનાં દુ:ખ.

ગજલ.

પ્રભુ, તેં દુ:ખ સહ્યાં શાં શાં, કથું હૂ તેમને કયાં કયાં,
જણાવું ધૈર્ય તુજ કયાં કયાં, ગણાવુ તુજ વિપત કયાં કયાં. ટેક.

જખમ પગ હાથના તારા, બતાવું તેહ કયાં પ્યારા,
યહુદીનો જુઓ રાજા, લખાવુ લેખ એ કયાં કયાં. પ્રભુ. ૧

સખત શિરતાજ કાંટાનો, બતાવુ કયાં હુ ત્રાતાનો,
મધુર મુખ પર તમાચાનાં, પડ્યાં ચાઠાં બતાવુ કયાં. પ્રભુ. ૨

વદ્યો મુખ વેણુ તું જે જે, જણાવું કયાં જઈ તે તે,
લીધાં શિર પાપ પાપીનાં, ગવાડું ગીતમાં કયાં કયાં. પ્રભુ. ૩

કઠિણુ ઘા જેહ ભાલાનો, બતાવું કયાં વહાલાનો,
ખમ્યો તું કોરડા જ્યાં જ્યાં, ગણાવું સોળ તે કયાં કયાં. પ્રભુ. ૪

પ્રભુ, મુજ કાજ વિન્ધાયું, અરે નિર્દોષ તુજ હૈયું,
ગયાં પાપો બધાં મારાં, વહ્યાથી રક્તની ધારા. પ્રભુ. ૫

નજીક થઈ રે જનારા તું, નજરમાં કૈં નથી આ શું!
રૂદન ગીત દુ:ખનું તારા, હૃદય ગાતું ફરે કયાં કયાં. પ્રભુ. ૬

અનુપમ પ્રેમ કર્યો ત્રાતા, જણાવું જગતમાં કયાં કયાં,
સહ્યાં તેં દુ:ખ અતિ ઝાઝાં, વિગત વાંચું બધી કયાં કયાં. પ્રભુ. ૭

---

૧૦ સ્થંભને નિહાળ.

(આવવાને દે આજે આવવાને દે. એ રાગ).

થંભને નિહાળ જરા, થંભને નિહાળ,
લોહીવાળા પેલા જરા, થંભને નિહાળ. ટેક.

વહે છે રૂધીર જોને, વહે છે રૂધીર,
હાથે, પગે, કુંખે થંભે, વહે છે રૂધીર. થંભને. ૧

મારે છે નિહાળ ખીલા, મારે છે નિહાળ,
પ્રભુના પુત્રને ખીલા, મારે છે નિહાળ. થંભને. ૨

માગે છે તે માફ કેવી, માગે છે તે માફ,
શત્રુઓને માટે કેવી, માગે છે તે માફ. થંભને. ૩

મારે છે નિહાળ ભાલો, મારે છે નિહાળ,
ગુરૂજીની કુખે ભાલો, મારે છે નિહાળ. થંભને. ૪

લખે કેવો લેખ જોને, લખે કેવો લેખ,
યહુદીનો રાજા ઈસુ, લખે એવો લેખ. થંભને. ૫

પાડે છે તે ચીસ કેવી, પાડે છે તે ચીસ,
દુઃખીનો દાતાર કેવી, પાડે છે તે ચીસ. થંભને. ૬

માગે છે રે નાથ પાણી, માગે છે રે નાથ,
વેદનાને લીધે પાણી, માગે છે રે નાથ. થંભને. ૭

સોંપી દે છે પ્રાણ અંતે, સોંપી દે છે પ્રાણ,
પ્રેમી પિતાને તે અંતે, સોંપી દે છે પ્રાણ. થંભને. ૮

વેઠયું કોને કાજ એ તો, વેઠયું કોને કાજ,
મિત્ર, તું વિચાર એ તો, વેઠયું કોને કાજ. થંભને. ૯

વેઠયું મારે કાજ એ તો, વેઠયું તારે કાજ,
સૃષ્ટિના સ્વામીએ એ તો, વેઠયું સહુને કાજ. થંભને. ૧૦

૧૧ ઇસુના થંભ શિવાય બીજું કંઇ ન જાણું.

(પ્રાણિયા ભજી લેને કીરતાર એ રાગ.)

મારા પ્રભુના થંભ શિવાય, હુ તો બીજુ ન જાણું કાંઈ. ટેક.
કોઇ જાણે છે ખગોળ ભૂગોળ, ગણિતમાં પંકાય,
તત્વો ને તર્કોમાં ઝાઝા, ઝાઝી કરે છે વડાઈ. મારા. ૧
અનેક યંત્રો અને વાજીંત્રો ચાલાકી ને ચતુરાઇ,
કળા કરે છે અકળિત જેવી, ઉડે વિમાન હવાઈ. મારા. ૨
ઘણાક વૈદો ઔષધમાં ને વાઢકાપમાં વખણાય,
ઔષધ આપે અકસીર એવુ, પલમાં સાજા થાય. મારા ૩
દાતા, ભકતા, વકતા છે બહુ, શુરા જનો એ ઘણાય,
કરે મોહિત મન માનવીઓનાં, જુઓ જગતની માંય. મારા. ૪
જગના વિદ્વાનો નવ જાણે થભ તણી મોટાઇ,
અતે તેઓ પ્રભુ સમીપે, જશે જરૂર શરમાઇ. મારા. ૫
ભણી ગણી એમ વિધવિધ વિદ્યા, કાઢે નવિન નવાઇ,
અનહદ સપત થભતણી તો જાણે નહિ રે જરાય. મારા. ૬
ભલે ગણાતી જગમાં મારી, અતિ ઘણી મૂર્ખાઈ,
સમજે કયાંથી ગુંગા જન તો અત્તર ખુશબો ભાઈ. મારા. ૭
તેથીજ શાંતિ તેથી સફળતા, તેથી મનોની સફાઈ,
તેથી અમે સહુ સુખી સદાકાળ, ગાળશું સ્વરની માંહી. મારા. ૮

---

૧૨ ઇસુનું સુંદર મુખ.

લાવણી.

ઈસુ તુજ મુખ અધિક સારૂં,
ઈસુ તુજ મુખ અધિક સારૂં,
જોતાં હરખે છે હર ઘડીએ,
હૈયું બહુ મારૂં. ઈસુ. ૧

મને તો લાગે બહુ પ્યારૂ,
મને તો લાગે બહુ પ્યારૂ,
શોકિત, પિડિત, પાપી મનનું,
દુઃખજ હરનારૂ. ઇસુ. ૨

પ્રકાશિત સુદર શું સારૂ!
પ્રકાશિત સુદર શુ સારૂ!
હરનિશ અદકી આતુરતાથી,
શોધુ મુખ તારૂ. ઇસુ. ૩

ઉઠાવ્ય મુજ પર મુખ તારૂ,
ઉઠાવ્ય મુજ પર મુખ તારૂ,
ઝટ અળગુ થઇ જાએ,
ઉરનુ સઘળુ અંધારૂ. ઇસુ. ૪

પ્રકાશે મુજ પર મુખ તારૂ,
પ્રકાશે મુજ પર મુખ તારૂ,
તુજ મુખની સુંદરતામાં,
મન સુદર કર મારૂ. ઇસુ ૫

અનૂપમ અનહદ રૂપાળું,
અનૂપમ અનહદ રૂપાળું,
તુજ મુખસમ સુખકાર,
સુપ્રેમી કૈએ નહિ ભાળું. ઇસુ. ૬

કરૂં નિત નિત દર્શન તારૂ,
કરૂં નિત નિત દર્શન તારૂં,
સફળ સફળ થઈ જાય,
ખરેખર જીવન આ મારૂં. ઇસુ. ૭

१३ ઇસુની મધુર નજર.

સામેરી રાગ.

પ્રભુ મધુર નજર બહુ તારી, શાંતિદાયક કલ્યાણકારી.
છે સહુ જન પર તે હિતકારી, રૂડી રીતે રક્ષનારી. ૧

પત્થરવત્ મન પીગાળનારી, પાપ પાપીતણાં હરનારી,
મન પીતરનું વિંધનારી, તે તો દૃષ્ટિ મધુકર તારી. ૨

પ્રેમવાળી બહુ બળધારી, દુઃખ વાદળ વિખેરનારી,
બહુ તેજોમય ને શુદ્ધકારી, ખુશકારક મન હરનારી. ૩

દૃષ્ટિ જોયાં કરૂં નિત તારી, લાગે દિલને અતિશય સારી,
અમૃતમય ને નિર્મળ ભારી, સહુ અંતર નિર્ખનારી. ૪

રહે દૃષ્ટિ તળે જે તારી, ધન્ય ધન્યજ તે નરનારી,
પામે શાંતિ તે બહુ સારી, ગાળે જીવન અતિ સુખકારી. ૫

---

१४ સુખદ પાયાસન.

રાગ પદ ઠુમરી.

પ્રભુ ચરણ શરણ સુખકારી છે, (૨)
ચરણ શરણ સુખકારી છે. ટેક.

મુગા, ગુંગા, ઠુંડા, ભુંડા જી,
સહુ વામ્યા દુઃખદિલ ભારી જે. ચરણ. ૧

ભૂત તણી હતી સૈના જેમાં જી,
બહુ ક્રુર હતો ભયકારી તે. ચરણ. ૨

તે ઇસુ પગ પાસે બેઠો જી,
પામે સુખશાતા સારી જે. ચરણ. ૩

ત્યાં મરિયમ પણ છે બેઠેલી જી,
છોડી કામો સંસારી તે. ચરણ. ૪

અમૃત રસ પામે છે પ્રેમે જી,
ઇસુનું સાંભળનારી થૈ, ચરણ. ૫

પાપણી નારી જે દુઃખિયારી જી,
પ્રભુ પગ પદમાં સુખિયારી છે. ચરણ. ૬

આવો પાપી, પીડિત સર્વે જી,
પાયાસન શિતળકારી છે. ચરણ. ૭

ચરણામૃત લ્યો ઇસુ પ્રભુનુ જી,
તે મન તનને ગુણકારી છે. ચરણ. ૮

---

૧૫ ઇસુ સુખસાગર છે.

રાગ પદ.

હે ઇસુ પ્રેમાળ, સુખસાગર મારા. ટેક.

મજ પાપી પર તેં કીધી છે, પ્રીતિ અપરંપાર. સુખ. ૧
સભાળે છે નિશદિન ખંતે, રાખી નિર્મળ પ્યાર. સુખ. ૨
મજ નિર્બળને બળ આપે છે, હેતે અગણિત વાર. સુખ. ૩
રાખે છે નિત ચિતા મારી, ઉતારે મન ભાર. સુખ. ૪
જગ ફાંદામાં સપડાઉ તો, કાઢે તરતજ બ્હાર. સુખ. ૫
છે જગનાં સહુ પ્રાણીનો તું, પ્રેમી પ્રાણાધાર. સુખ. ૬
ભવસાગરનાં તોફાનોમાં, તુંથી ધૈર્ય અપાર. સુખ. ૭
જોકે દુષ્કર્મોંથી થાએ, તું નાખુશ બૌ વાર. સુખ. ૮
તોપણ સેવકથી નથી થાતો, તું અળગો પળવાર. સુખ. ૯
તવ કરૂણાની પુષ્કળતાએ, ઉગર્યોં હું લાચાર. સુખ. ૧૦
માટે મારા ત્રાતા તુજને, નહિ ભુલું કો વાર. સુખ. ૧૧

૧૬ ઇસુ મારી સાથે રહે.

(મારા પ્રાણ પ્રિય ઇસુ. એ રાગ).

મારા પ્રેમી ઇસુ નાથ, રે'જે તું નિત મારી સાથ. ટેક.

છે સંસાર વિષે ચોપાસે, વિધ વિધ ભય ગભરાટ;
તોફાનો ને આંધીથી તો, વસમી દિસે વાટ. મારા. ૧

શેતાની દળ ઝુંઝે ઝાઝું, કરવા મારો ઘાત;
પણ ત્રાતા તું દે બળ બુદ્ધિ, પાસે રહી દિન રાત. મારા. ૨

પીડે છે ભકતોને જગનાં, કજીયા ને કકળાટ,
દે નિજ ભકતોને નિત ન્યારો, આકાશી ચળકાટ. મારા. ૩

જીવનના જોખમમય પથે, તારો છે સધાત,
થા મારગ, સત, જીવન મારૂં, રક્ષીને ભલીભાત. મારા. ૪

જો તું ત્રાતા સાથ હશે તો, છે સુખકર સહુ વાત,
તુંજ વિના છે સઘળું અવળુ, અધારી મમ વાટ મારા. ૫

અગણિત અપરાધો દોષોની, દેજે માફી નાથ,
રાખી રે'જે શિર પર મારા, વ્હાલો તારો હાથ. મારા. ૬

---

૧૭ ઇસુનું ધન્ય નામ.

રાગ પદ ધનાશ્રી

ધન ધન નામ ઇસુ શુભ તારૂં ટેક.

સ્વર્ગી દૂતોએ તુજ નામે, શુભ શુભ ગાન ઉચ્ચાર્યું;
ભરવાડોએ ભાવ ભલાથી, ભજન કર્યું શુભ તારૂં. ધન. ૧

આવ્યા માગી લોક ઉમંગે, દર્શન કરવા તારૂં,
મન, તન, ધનનું તો નિજ સાથે, અર્પણ લાવ્યા સારૂં. ધન. ૨

બહુ દુઃખિયાને દુઃખથી લાગ્યું, જીવન છેક અકારૂં;
પામ્યા તેવાઓ તુજ નામે, મન, તનનું સુખ સારૂં. ધન. ૩

તે કલેશી કંગાળ હ્રદયમાં, સુખશાતા ભરનારૂં;
તેથી છે તુજ ભકતોનું કૃત, બહુ અચરજ કરનારૂં. ધન. ૪

છે તે તો તુટેલા મનને, ઝટ સાંધી દેનારૂં;
છે તે નિર્ગત નોધારાનું, આશ્રયસ્થાનજ સારૂં. ધન. ૫

ઇસુ નામ અતિશય સુંદર, જગનુ અઘ હરનારૂં;
પાપ જગતની સાંકળમાંથી, છેકજ છોડવનારૂં. ધન. ૬

સુવાસિત, સુંદર, સુખકારી, ઉત્તમ નામજ તારૂં,
ઉચ્ચારણ કરતાંમાં તેનું, હરખે હૈયું મારૂં. ધન. ૭

તે શત્રુ સંહારક શસ્ત્રો, ને બખતર બહુ સારૂં;
તેથી મંજૂર થાય વિનતી, તેથી તારણ મારૂં. ધન. ૮

---

૧૮ ઇસુ સર્વ શુભતાનો અખુટ ભંડાર.

(મારો ખ્રીસ્ત પ્રભુ છે સાચો હાં. એ રાગ).

મારો ઇસુ બહુ છે સારો હાં,
તે તો સર્વે સુખનો, અખુટ ભંડારજ મારો રે હોજી. ટેક.

તે તો દુઃખિયા જનનો દિલાસો, હાં,
તે તો નોધારાનો આધાર, ખરેખર ખાસો રે હોજી. મારો. ૧

તે તો ભંગિત દિલની આશા હાં,
તે તો ભીડ સમેનો ભ્રાતા, તજાવે નિરાશા રે હોજી. મારો. ૨

તે તો રડતાંનાં આંસુ લ્હોનારો હાં,
તે તો ઘાયલ મનના ઘાઓ, રૂઝાવન હારો રે હોજી. મારો. ૩

તે તો ભૂખ્યા જનનું ભાણું હાં,
તે તો તરસ્યા મનનું પાણી, દરિદ્રનું નાણું રે હોજી. મારો. ૪

તે તો થાકેલાનો વિસામો હાં,
તે તો અંધ જનોની આંખો, ગરીબનો જામો રે હોજી. મારો. ૫
તે તો એકલડાની જોડી હાં,
તે તો ડુબતાઓની ખાસ, બચાવની હોડી રે હોજી. મારો. ૬
તે તો જીવન મૃતક માટે હાં,
ને તો એકલો કેવળ સાથી, મરણની વાટે રે હોજી. મારો. ૭
તે તો છાંયો તડકા સામે હાં,
તે તો તોફાન સામે ઓથો, નિરાશ્રિત માટે રે હોજી. મારો. ૮
તે તો વૈદ બિમારનો સારો હાં,
તે તો ભટકેલાનો માર્ગ, પ્રભાતનો તારો રે હોજી. મારો. ૯
તે તો સકટ સર્વે નિવારે હાં,
તે તો કલેશીના કલેશો ટાળે, હૃદયને ઠારે રે હોજી. મારો. ૧૦
તે તો લાગે મને બહુ પ્યારો હાં,
નથી તેહ વિના કોઈ સાથી, સદાનો મારો રે હોજી. મારો. ૧૧
જગવાસી બધા તેને માનો હાં,
દુ:ખ હૈયાતણાં સહુ વામો, આકાશમાં જામો રે હોજી. મારો. ૧૨

---

૧૯ સિમોન ફરોશી ને પાપણી સ્ત્રી.

લાવણી.

સિમોન ફરીને, એક હતો અભિમાની,
જેણે ઈસુને કાજ, કરી મિજબાની. ૧
ત્યાં જમવા કાજે, જગત્રાતા તો આવ્યો,
નહિ યોગ્યજ આદરભાવ સિમોને આલ્યો. ૨
પગ ધોવા માટે, નીર નહિ રજ દીધું;
શુભ પ્રેમ બતાવા કાજ ચુંબન નહિ કીધું. ૩

પણ એક હતી ત્યાં, છેક પાપણી નારી,
તે આવી ઇસુ પાસ, પૂજ્ય મન ધારી. ૪
તે રડતી રડતી, ઉભી રહી પગ પાસે:
મેળવવા માફી, પાપતણી વિશ્વાસે ૫
નિજ આંસુઓથી, ચરણ પ્રભુના ધોયા.
નિજ સુદર મસ્તક કેશ વતી તે લોહ્યા. ૬
લા'વીતી ખુશબોદાર, અત્તર પણ સાથે.
ચોળ્યુ પ્રભુ તન પર પ્રેમ કરી ભલીભાતે. ૭
આ જોઇ કરી, સિમોન થયો નારાજી:
ઇસુને ઉરની માંય, ગણ્યો બહુ પાજી ૮
જો હોત ખરેખર, ખ્રીસ્ત ભવિષ્યવાદી,
તો પરખત કે છે, નાર નક્કી તકલાદી. ૯

---

૨૦ દોહરા.

સાંભળ રે સિમોન તુ, ઇસુ કે તે વાર,
કો એક શેહતણા હતા, બે જણ દેવાદાર. ૧

એક કને તે પાંચસો, બીજા પાસ પચ્ચાસ.
એમ માગતો તે હતો, દિનાર બને પાસ ૨

ન્હોતી વાળી આપવા, ફુટી એક બદામ,
ધણીએ રેમ કરી કર્યું, દેવું માફ તમામ. ૩

કરશે પ્રેમ અતિ ઘણો, આ બેમાંથી કોણ?
વાતતણી તુલના કરી, ઉત્તર આપ સિમોન. ૪

વળતી સિમોન બોલીઓ, એવુ પૂછો કેમ;
ઝાઝું, બક્ષ્યું જેહને, ઝાઝો કરશે પ્રેમ. ૫

ઠીક કહ્યુ સિમોન તેં, બોલ્યો ઇસુ નાથ;
માટે જો આ બાઇને, વિચાર તેની વાત. ૬

તેનાં પાપ અતિ ઘણાં, માફ થયાં છે એમ;
કારણ કે તેણે ઘણો, કીધો મજ પર પ્રેમ. ૭

પછી પ્રભુએ બાઇને, આપ્યુ ઉત્તમ દાન,
તારાં પાપ સમસ્તની, માફી થઈ છે જાણ. ૮

એજ પ્રમાણે ખ્રીસ્ત પર, જેવી જેની પ્રીત;
દેશે માફી તે મુજબ, દીનોનાથ ખચિત. ૯

૨૧ ખ્રીસ્તની અનુપમ પ્રીતિ.

હરીગીત

હે ખ્રીસ્ત ત્રાતા ત્રાણ દાતા, વિશ્વ વીધાતા ધણી,
હું અલ્પ પ્રાણી સ્તુતિ તારી, શુ કરૂ મુખથી ઘણી,
તું ત્રાણકારી, શોક હારી, સુખકારી છે પતિ,
પ્યારા પ્રભુ પ્રેમાળ તારી, પ્રીત ન્યારી છે અતિ. ૧

છે નાથ તુંજ અનાથનો, સહુ સૃષ્ટિ કેરો આસરો,
તું સર્વથી પરિશુદ્ધ છે, પરિપૂર્ણ પ્રીતીનો ઝરો,
જન કોઈ પણ નહિ પામશે, તવ પાર પ્રીતીનો રતી,
પ્યારા પ્રભુ પ્રેમાળ તારી, પ્રીત ન્યારી છે અતી. ૨

અમ અલ્પ પ્રાણી રંક જાણી, રેમ આણી તેં ધણી,
સુખ શાંતિ સ્થાપી પાપ કાપી, વેદના વેઠી ઘણી.
પામ્યા અમે સુખ શાન્તતા, તવ પ્રીતનાં કીરણ વતી,
પ્યારા પ્રભુ પ્રેમાળ તારી, પ્રીત ન્યારી છે અતી. ૩

તેં છેક છેલ્લે પૂર્ણ પ્યારો, પ્રાણ પણ અર્પી દીધો,
સ્વીકાર એ સહુ દુ:ખનો, અમ પાપીઓ માટે કીધો,

એ શ્રેષ્ઠ પ્રેમાભાર તવ, ભૂલીશ નહિ મમ દિલથી,
પ્યારા પ્રભુ પ્રેમાળ તારી, પ્રીત ન્યારી છે અતી. ૪

મુખ વેણુ પ્રેમી નેણુ પ્રેમી, સર્વ તનમાં તેમ છે,
પ્રેમાળ ઓ સ્નેહાળ, તું પોતેજ કેવળ પ્રેમ છે
નિરધાર પ્રેમી તુંજ જેવો, કયાંય મેં પેખ્યો નથી,
પ્યારા પ્રભુ પ્રેમાળ તારી, પ્રીત ન્યારી છે અતી. ૫

શાંત્યાસ્પદ તવ પ્રીત છે, નહિ તૂટશે, રજ ખૂટશે,
તે પ્રીત જે જન પામશે, દુઃખ વામશે સ્વર્ગે જશે,
ગુલતાનમાં દિન ગાળશે, દુઃખ ભાળશે નહિ ત્યાં રતી,
પ્યારા પ્રભુ પ્રેમાળ તારી, પ્રીત ન્યારી છે અતી. ૬

છે સત્ય પ્રીતી તાહરી, બીજી બધી તો છે રદ્દી,
નહિ લાભકારી, નાશકારી, નીર વીનાની નદી,
વળી ખેદકારી ખૂબ ખારી, હીતકારી નહિ રતી,
પ્યારા પ્રભુ પ્રેમાળ તારી, પ્રીત ન્યારી છે અતી. ૭

મતિ મંદ જન હું વિનવું, દ્વી હસ્ત જોડીને તને,
થાજે અહોનિશ સાયકારી, રંક સેવકને મને,
બહુ ભક્તતા સુખ સુમતિ, અઘ કાપજે પૃથ્વીપતી,
પ્યારા પ્રભુ પ્રેમાળ તારી, પ્રીત ન્યારી છે અતી. ૮

૨૨ ખ્રીસ્તના પ્રેમમાં પ્રાણત્યાગ.

રાગ કેરબો.

હું તો રેશ સદા, નિમગ્ન ઇસુના પ્રેમમાં રે. ટેક.

બહુ દુશ્મનથી કેદ કરાયા, ને નિરદોષપણે દંડાયા,
વિંધાયા વિરલા કંઈ કંઈ આ પ્રેમમાં રે. હું તો. ૧

હિંસક પ્રાણીને પત્થરોથી, વિધ વિધનાં વસમાં યંત્રોથી,
કૈંક થયા તનના ટુકડા, આ પ્રેમમાં રે. હું તો. ૨

કૈ કરવત ને કૈક કટારે, કંઈ તલવારની તિક્ષ્ણુ ધારે,
સંત ઘણા શિરછેદ થયા, આ પ્રેમમાં રે. હું તો ૩
પરવા નહિ કરતાંજ કશાની, માત, પિતા, પરિવાર, પ્રિયાની,
કીધા કંઈ કુરબાન પ્રાણ, આ પ્રેમમાં રે. હું તો. ૪
કૈક વતન ને વ્હાલાં છોડયાં, ધગધગતી અગ્નિમાં પોઢયાં,
હળહળતું પણ વિષ પીધુ, આ પ્રેમમાં રે. હું તો. ૫
કોટિક દેશનિકાલ કરાયા, કૈક સજીવા ઉતરડાયા,
તો પણ પામ્યા હર્ષ સર્સ, આ પ્રેમમાં રે. હું તો. ૬
ન્હોતા જગમાં જે શુરવિરો, ઝળકયા ઝળહળતા જવાહિરો,
વિપત વિષે વિશેષ બેસ, આ પ્રેમમાં રે. હુ તો. ૭
સ્વીકાર્યાં સકટ સુખ માની, લેશ કરી નહિ પાછી પાની,
અત સુધી પણ સ્થિર રહ્યા, આ પ્રેમમાં રે. હું તો ૮
આ જગનાં એવાં દુઃખ સેતાં, પ્રાણ તજ્યા ઇસુમાં રહેતા,
પામ્યા તારણતાજ આજ, આ પ્રેમમાં રે. હુ તો. ૯

---

૨૩ ઇસુનાં નામનાં ગીત ગાઇશ.

રાગ ઉપરનો.

હુ તો ગાઇશ ગીતો રોજ ઇસુના નામનાં રે. ટેક.
વાન, વિચાર અને કૃતિઓથી, પ્રેમભરી રૂડી રીતિઓથી,
રોજ વખાણુ કરીશ પ્રભુનાં કામનાં રે. હું તો. ૧
આદર ભાવ અને ઉમંગે, એકલડો કે સંતો સંગે,
હું ગાઈશ નિત સુગાન, ધણીનાં ધામનાં રે. હું તો. ૨
જગવું હું જગમાં જયરાગે પ્રેમ પ્રભુનો વિધવિધ ભાગે,
રાખી ઉર વિચાર સદા આરામના રે. હુ તો. ૩

---

૨૪ ઈસુનો પ્રેમ ના ભુલાય.

(દાસ પરે દયા લાવો રે એ રાગ.)

પ્રેમ ભૂલીશ ન તારો રે, પ્રેમાળુ ત્રાતા પ્રેમ ભૂલીશ ન તારો ટેક.

કરી હુ પાપી સારૂ, દેહારપણુ તારૂં,
પ્રાણુ બચાવ્યો મારો મારો રે. પ્રેમ. ૧

સ્વર્ગ થકી તું આવ્યો દુ ખીની વ્હારે ધાયો,
વૈભવ મૂકીને સારો સારો રે. પ્રેમ. ૨

કોપ કારમો સહ્યો દેવ છતાં તુ થયો,
મિત્ર પાપીનો પ્યારો પ્યારો રે. પ્રેમ. ૩

પાપ સમસ્ત મારાં ધોઇને રકતે તારા,
મહા પાપીને તારો તારો રે. પ્રેમ. ૪

કોણુ કરે રે એવો પ્રેમ પ્રભુ તું જેવો,
તે તો કીધો છે ન્યારો ન્યારો રે પ્રેમ ૫

---

૨૫ ઇસુને હૃદયમાં આવવાનું આમંત્રણુ.

સીહાનો કનરો

હે પ્રભુ પ્યારા જગદાધારા, આવ હૃદયમાંય સદા તું મારા. ટેક.

મેલુ છે આ મનડું મારૂં,
ચોકખું કર ઝટ રક્તથી તારા. હે પ્રભુ. ૧

જીવ અતિ મુજ આતુરતાએ,
તલપે છે પ્રેમ માટે તારા. હે પ્રભુ. ૨

તુજ વિણુ સઘળું વ્યર્થ નિરસ છે,
ચોગમ બીકતણા ભણુકારા. હે પ્રભુ. ૩

જીવન ઘાટ વિકટ વસમી છે,
થાકી લોથ થયા પગ મારા. હે પ્રભુ. ૪

ટાળી દ્યો સહુ તિમિર મનનું,
માર્ગ કરો મમ સુલભ સારા. હે પ્રભુ. ૫

આ નિર્જીવ શુષ્ક હૃદયમાં,
સત્વર સિંચ સુધારસ ધારા. હે પ્રભુ. ૬

પ્રેમ અનુપ નિત ગાઇશ તારો,
ભુલીશ નહિ હું કદી ગુણ તારા. હે પ્રભુ. ૭

૨૬ ખ્રીસ્તનું પુનરુત્થાન.

રાગ ભૈરવી

સુખદ શુભ આદિતવાર પ્રભાત,
પાપ મરણ પર પૂર્ણ વિજય થૈ ઉઠયો ઇસુ નાથ.
અહો ધન આદિતની સુપ્રભાત ટેક.

મોટો પ્હાણ કવણ ગબડાવે, કરતાં એવી વાત,
ખ્રીસ્ત કબરને જોવા આવ્યો, સન્નારીનો સાથ;
અતિશય શ્રેષ્ઠ સુગંધી સાથ સુખદ. ૧

નહિ નિરખી ત્રાતાના શબને, ઉર થયાં ઉચાટ.
રોતાં રોતાં જોતાં ચોગમ, કરતાં'તાં કલ્પાંત,
હૃદયમાં ખુબ મચ્યો ઉત્પાત. સુખદ. ૨

દીઠો દૂત વચન આ વદતો, કર મા અશ્રુપાત,
નાથ નથી ત્યાં જો આવીને, વિચર્યો ગાલિલ પ્રાંત,
જણાવો શિષ્યોને આ વાત. સુખદ. ૩

દુઃખીયારી શોધક મરિયમનો, દૂર થયો સંતાપ,
તેવામાં પ્રેમી ત્રાતા ત્યા, દેખાયો સાક્ષાત,
કરી બહુ પ્રીતિપૂર્વક વાત. સુખદ ૪

દોડીને કહી આતુરતાથી, શિષ્યોને આ વાત,
આજ સજીવો જીવન દાતા, દીઠો આંખોઆંખ,
થયા મન અમ સર્વેનાં શાંત. સુખદ. ૫

સાંજ સમે શિષ્યો ભેગા થે, બેઠા સહુ એકાંત,
વચમાં આવી બોલ્યો ઇસુ, થાવ તમોને શાંત,
કહી અદૃશ્ય થયો ત્યાં નાથ. સુખદ. ૬

શિષ્યોએ થોમાને જણુવ્યુ, આ સઘળુ વૃત્તાંત,
મમ નજરે જોયા વિણ હુતો, માનુ નહિ એ વાત,
ધરી બહુ મનડા માંહે ભ્રાંત. સુખદ. ૭

દીધુ ત્રાતાએ દર્શન પણુ, થોમાને ભલિભાત,
કર વિશ્વાસ તજી સદેહો, જો મમ પગ ને હાથ,
નહિ તું લેશ પડીશ પછાત સુખદ. ૮

હરખાયુ હૈયુ અદરથી, ભાંગી મનની ભ્રાંત,
ઉર થકી નિકળ્યા ઉદ્ગારો, દેવ પ્રભુ મમ નાથ,
વળી મન માંહે ખૂબ નિરાંત સુખદ. ૯

સંત સમાજ સકળનાં હૃદયો, આજ થયાં રળીયાત,
ધન રે ધન આદિત્યતણી આ, સુખકર શિત પ્રભાત,
થયો મન હર્ષાનંદ અમાપ. સુખદ. ૧૦

વણુ દિઠે વિશ્વાસ કરે જે, ધન ધન તે તો ભ્રાત,
સ્વર્ગી ઠામે સરસ સદાનો, પામે તે વિશ્રાંત.
ખરી વિશ્વાસુ છે આ વાત. સુખદ. ૧૧

૨૭ પ્રીતિની સરિતા.

(મન ભજો મસિહસે ચિતસે એ રાગ).

શી વહે સરિતા પ્રીતની, તે શુદ્ધિ કરે સહુ ચિત્તની. ટેક.
સુંદર સ્વરથી વ્હેતી વ્હેતી, આવે નજીક પતિતની. શી. ૧
પાપી, પીડિત, દુઃખીત મનને, આપે શાંતિ નિત્યની. શી ૨
છે સુખકરતા એ શુભ સરિતા, બધા નિરાશ શ્રમિતની શી. ૩
શિતળ નિર્મળ છે જળ તેનુ, મટે તૃષા તૃષિતની શી ૪
જીવન જળ આ પીજો પાજો, મુક્તિ સધાશે પતિતની. શી. ૫
હર્ષિત થાઓ સ્નાન કરીને, સ્તુતિ કરો સહુ ખ્રીસ્તની. શી ૬

---

૨૮ ખ્રીસ્ત જીવનનો ઝરો.

રાગ બિહાગ

મમ તારક છે પ્રભુ ખ્રીસ્ત ખરો,
સત જીવનનો સુખકાર ઝરો,
મનથી તનથી તજતાં સઘળુ,
પળમાં ઝટ તેહ ભણી વિચરો. ૧

ભવરાન મહી ભટકી ભટકી,
મન ઇચ્છીત સર્વે ઉપાય કરો,
પણ ફોકટ એ સઘળું સમજો,
તલભાર તમે નહિ તેથી તરો. ૨

કરશો નહિ ઢીલ જરા મનમાં,
ઝટ લ્યો ઝડપી શા કાજ મરો,
શુભ કંચન છે મમ ખ્રીસ્ત પ્રભુ,
તરછોડી દીઓ જગનો કચરો. ૩

---

૨૯ વિનંતિ.

ગજલ.

કરૂણામય પ્રભુ પ્યારા, હયાના હાર છો મારા. ટેક.

કનિષ્ટો પર કૃપા કીધી, દુઃખીની દાદ તે લીધી,
દીઓ છો દાન નિત ન્યારાં, હયાના હાર છો મારા. ૧

જગતમાં છે ઘણા અધા, કરે છે પાપના ધંધા,
ઉઘાડો આંખના તારા, હયાના. ૨

નથી મુખ સત્યની વાચા, બનાવો તેમને સાચા.
વચન સતના વદે સારાં, હયાના ૩

પડીને પાપમા જે જે, હદે માંહે ઘવાયા છે,
રૂઝાવી દો બધાં ઘાગ, હયાના. ૪

અધમની અર્જ માની લ્યો, રિપુ હઠને હઠાવી દ્યો,
બને સેવક બધા તારા, હયાના. ૫

પરાક્રમ તુજ બતાવી દે. મરેલાને જીવાડી લે.
સદા ગુણ ગાય તે તારા, હયાના. ૬

---

૩૦ પાપીઓ ઇસુનું શરણ અહો.

અહો અહો ઓ પાપી, ઇસુ શરણ. (૨)
ઇસુ શરણ તો છે શિતળ ઝરણ. ટેક.

જીવન દેવા અધમ જગતને, પ્રભુ ઇસુએ સહ્યુ મરણ.
અહો. ૧

સકળ જીવનનાં અઘોર પાપો. પ્રભુ પલકમાં કરે હરણ.
અહો. ૨

પતિત કાજે જુઓ વિંધાયા. કોમળ હાથો તથા ચરણ.
અહો. ૩

તૈયાર છે આ અમુલ તારણુ, છતાં મુરખ શીદ ચહો મરણુ.
અહો. ૪
બધાં અમંગળ અશુદ્ધ માટે, ઇસુ પ્રભુ છે શુદ્ધિકરણુ.
અહો. ૫

---

૩૧ અલ્પ જીવન.

ભજન.

જીવન જાણી લે શાણા, ઘડી બે ઘડી છે. ટેક.

હશે તુજ કાયાનો કાંતો અતિ રંગ રાતો માતો. ઘડી. ૧
થશે શિર તોફાનો ઝાઝાં, જગતમાં વા વાઝોડાનાં. ,, ૨
વળી જીંદગીમાં તારે, પડે મેહ મુસળધારે. ,, ૩
કદી જો શાણા ચોપાસે, તને ઘોર અંધારૂ ભાસે. ,, ૪
મળ્યા મેદનીમાં મેળા, હર્ષથી ભેટીશુ ભેળા. ,, ૫
વસ્યાં છાંયડે વૃખ કેરે, જગતમાં પંખીડાં પેરે. ઘડી. ૬
પ્રભાતે જાગીશું જ્યારે, ઉડીશું આકાશે ત્યારે. ,, ૭
હર્ષ કે આંસુડાં કેરી, સરિતા વહેજો શાણા. ,, ૮
મરણુની ચક્કીમાં પ્યારા, પીસાયા છે સારા સારા. ઘડી બે ઘડીમાં. ૯
કદી વારો વિરા એમાં, આવી જાએ મારો તારો.,, ,, ૧૦
અનિશ્ચિત જીવન આ જાણી, રટી લે કર્ત્તાને પ્રાણી. ઘડી બે ઘડી કે. ૧૧

---

૩૨ પ્રભુમાં જીવન ગાળવું.

(સદા સંસારમાં સુખ દુઃખ સરખાં માની લઇએ. એ રાગ).

પ્રભુમાં ખુશ રહી જીવ જીંદગી ગુજાર તારી,
નથી સંસારમાં કૈં સાર, શાણા લે વિચારી. ટેક.

સાખી. લખ્ખો નર ચાલ્યા ગયા, છોડી સુખ અનેક;
જાવું પડશે જીવડા, તુજને પણ દિન એક. પ્રભુમાં. ૧

સુખ સમ જગમાં જેહને, સમજો છો દિલ ખાસ,
લોભાશો મા તેહથી, છે એ તો આભાસ. પ્રભુમાં. ૨
જર, જોરૂ, જીવન વળી, ભાષા, વિદ્યા, જ્ઞાન;
અચળ નહિ એમાં કશું, જ્યમ ઝાકળ, ફુલ, પાન. પ્રભુમાં. ૩
વ્હાલાં, કાલાં બાળ, વહુ, માત પિતા ને ભ્રાત;
મુકીને પડશે જવું, એકલડા એ વાટ. પ્રભુમાં. ૪
સહુ વહાલાંઓ એ સમે, ટગમગ જોશે ભ્રાત;
જોશે રોશે ધ્રુસકે, નહિ દેવાશે હાથ. પ્રભુમાં. ૫
પામે જ્યમ સ્વપ્ના મહી, સુંદર ચક્ષુ અંધ;
જગનાં સુખનો જાણજો, છેવટ એવો અંત. પ્રભુમાં. ૬
જાણો છે પ્રભુ એકલો, સહુ સુખનો ભંડાર;
એ વણ સર્વે વ્યર્થ છે, અનુભવજો નરનાર. પ્રભુમાં. ૭

---

૩૩ મરણ નિશ્ચે આવશે.

ગિરધારી કનરો.

છે એક દિવસ મરવાનું (૨)
સમજી લ્યો સજ્જન નરનારી, કોઇ નથી રહેવાનું. ટેક.

મેલી માલ ખજાના ખાસા,
દ્રવ્ય મકાન મજાનાં;
તરછોડી વ્હાલાં ને સ્નેહી,
સહુને છે જાવાનું. છે એક. ૧

હોશે પૈસાદાર, પ્રતિષ્ઠિત,
રાજા, રંક, ભિખારી;
બાળ, જુવાન અને બુઢ્ઢાને,
આખર છે મરવાનું. છે એક. ૨

નર રત્નો જાએ છે જો ને,
જગથી કેવા કેવા,
તો મૂરખ અભિમાન કરે છે,
નાહક મનમાં શાનું. છે એક. ૩

કાચા સુતરના તારો જો,
ત્રુટી જાએ કેવા;
ઝાકળ જળ પળમાં જ્યમ સૂકે,
જીવન તેમ જવાનું. છે એક. ૪

રૂપેરી દોરારૂપ તારો,
શ્વાસ સરીજ જવાનો;
સોનેરી સુદર પ્યાલા સમ,
તન ભાંગી જાવાનુ. છે એક. ૫

મારૂં તારૂ તજ કરવાનુ,
તજ ડહાપણુ પણુ તારૂ;
મૂરખ તું મનમાં મલકા મા,
એમજ છે બનવાનું. છે એક. ૬

મૂકી દે મોજો સંસારી
તજજે તરકટ જૂઠાં;
ફેંકી દે કચરાસમ લેખી,
લાભજનક સહુ ધ્યાંનું. છે એક. ૭

છીએ આ જગમાં સૌ આપણુ,
રે પરદેશી પંથી;
આ તો નહિ રેઠાણુ સદાનું,
માત્ર મુસાફરખાનું. છે એક. ૮

શોધી જો અંતરમાં તારા,
સાથી પંથી મારા;
તજતાં તનને તુજ માટે તો,
ક્યાં જઇ છે ઠરવાનું. છે એક. ૯

ચાલે છે ભવસાગર માંહે,
જીવન નાવ તમારૂં,
પણ ઇસુ નાવીક વિના તો,
નાવ નથી તરવાનું. છે એક. ૧૦

૩૪ કેવળ ઇસુ એકલોજ દોષ નિવારક છે

રાગ પદ. (સત ગુરૂને બલ જાઉં એ રાગ.)

પ્રભુ ઇસુ વિણ કોણ રે, દિલ દોષ નિવારે. ટેક

આ જગનાં સહુ જોખમમાંથી, ઉત્તમ રીતે ઉગારે. દિલ. ૧
હોય અરિ દળ બહુ જબરૂં પણ, પલની માંય વિદારે. દિલ ૨
પાપનો શ્રાપિત આકરો બોજો, એકલો એજ ઉતારે. દિલ. ૩
હિત વચન ને શ્રેષ્ઠ દિલાસા, આપે અનેક પ્રકારે દિલ ૪
પીડિત, કષ્ટિત, કલેશી મનને, વિધ વિધ રીતથી ઠારે. દિલ. ૫
તેહ વિના તો ત્રીમંડળમાં, કોણ ચઢે મજ વ્હારે. દિલ. ૬

૩૫ અંત સુધીનો સાથી.

(ઉઠ મુસાફર કર તૈયારી એ રાગ.)

ખ્રીસ્ત વિના તો જીવ મારા, રે નથી રજ કોઈ તારૂં;
મૂર્ખ શું મનમાં કરે છે, વ્યર્થ તું મારૂંજ મારૂં. ખ્રી. ૧

માત, પિતા ને ભ્રાત પ્યારા, નહિ આવે રજ કામ તારા;
અંત સમે અળગા રહેશે, સાથ કો નહિ આવનારૂં. ખ્રી. ૨

જીવનરૂપી નાવ રૂડું, આ ભવસાગરમાં ફરે;
ભર દરિએ ભંગિત થશે તો, કોણ છે વિચાર તારૂં. ખ્રી. ૩
મોતની કબરેથી પાછું, કોઇ કદી આવ્યું નથી;
રે ગયા, ને જાય છે જો, જે રહ્યુ છે તે જનારૂં. ખ્રી. ૪
જો અહી રાખીશ ખંતે, ખ્રીસ્ત ઇસુને સદા તું;
તો સલામત સ્વર્ગ કાંઠે, પ્હોંચશે ઝટ નાવ તારૂ. ખ્રી. ૫

---

૩૬ સ્વર્ગી સુખનું અલ્પ વર્ણન.

સવૈયા એકત્રીસી.

હે મમ તારક પ્રેમી ઇસુ, નહિ વિસરૂં વહાલુ તુજ નામ,
મજ પાપી કાજે તેં સ્વરમાં, સિદ્ધ કર્યું સુદર સુખ ધામ.
શું વર્ણન કરૂં હુ તેનુ, નહિ તેનો કંઇ પાર પમાય,
આનંદી મહિમામાં મારો, ખ્રીસ્ત વિરાજ્યો છે જો ત્યાંય. ૧

શોક નથી, સંતાપ નથી કૈં, આધી, વ્યાધિ, લેશ થનાર,
દુઃખ નથી ને મોત નથી ત્યાં, આંખ થકી આંસુ વ્હેનાર.
રાત નથી ને તાપ નથી ત્યાં, તિમિર નથી ત્યાં તો તલભાર,
સ્વામી ખ્રીસ્ત પ્રભુના મુખના, તેજ તણો ત્યાં છે અંબાર. ૨

વ્હે છે ત્યાં જીવન સરિતાનું, શીતળ નિર્મળ મીઠું નીર,
જીવન વૃખ દર માસ ફળે છે, રોગ નિવારક તેને તીર.
ખાએ છે તે પરનું ભકતો, નિત્ય કરે જીવન જળ પાન,
ગાએ છે શુભ દૂતો સંગે, હર્ષે હર્ષે મીઠાં ગાન. ૩

ત્યાં તો છે વ્હાલાં સહુ મારાં, ત્યાં તો છે મિત્રો મળનાર,
ત્યાં તો છે વ્હાલામાં વ્હાલો, પ્રેમ નિરંતરનો કરનાર.
એ સહુ પ્રેમી જનને આપણુ, ભેટીશું હેતે જે વાર,
તે વારે તો થાશે કેવો, હૈડામાં આનંદ અપાર. ૪

હમણાં હું છું માત્ર મુસાફર, નહિ વિશ્રામ તણું આ ઠામ,
મળશે મારા ખ્રીસ્ત પ્રભુમાં, મજને ત્યાં સાચો આરામ.
આ જીવનનાં સંકટ ને શ્રમ, પૂરાં થઈ જાશે જે વાર,
પ્હોંચી સ્વર્ગ તટે તે વારે, નિરખીશ હું મજ તારણહાર. ૫

આકાશી અક્ષય વાનાં પર, રાખું નિશદિન લક્ષ વિશેષ,
શોધું, માગું એજ વિચારૂં, અંતર અંદર હું હમેશ.
મરણ પછી ત્યાં લેશે મુજને, ત્રાતા મારો મહિમાવાન,
જોતાં તેના મિષ્ટ વદનને, ગાઇશ નિત નિત પ્રીતિગાન. ૬

૩૭ પ્રીતિવાન ઈસુ.

લાવણી.

લાગે છે ઇસુ નાથ મને બહુ પ્યારો,
મજ કાજ કર્યો કુરબાન, પ્રાણ તેં તારો. ૧

છીટકાર કરે છો લોક, કહીને ભુંડો,
લાગ્યો તુજ સંગે સ્નેહ, મને તો ઉંડો. ૨

મધથી બહુ મીઠો, પ્રેમ પ્રભુ છે તારો,
ચાખી સંતોષ્યો પૂર્ણ આતમા મારો. ૩

બેસી તુજ છાંયા હેઠ, હરખ અતિ પામ્યો,
પાપોનો ભારી ભાર, હૃદયથી વામ્યો. ૩

ફળનો પણ જો પણ, સ્વાદ સરસ શો મીઠો,
નહિ એવો જગમાં ક્યાંય, અવરમાં દીઠો. ૫

રાખે છે નિત જાગૃત, પ્રીત તું મારી,
આપીને ઉત્તમ દાન, કૃપાથી તારી. ૬

તવ સુખ સરિતાથી, નિત્ય નવિન પિવાડે,
નિરાશ નિસાસારૂપ, નિશા તું વિતાડે. ૭

નિરખીને દુઃખમાં નાથ, આતમા મારો,
આપ્યો તે આવી ખાસ, દિલાસો સારો. ૮

તોડું સંગત હુ આજ, અવરથી મારી,
જોડું સંગત તુજ સાથ, સર્વથી સારી. ૯

હુ રહીશ પ્રભુ તવ પાસ, સદા વિણુ સંદેહ,
હું ગાઈશ તુજ ગુણુ ગીત, ઘણા આનંદે. ૧૦

---

૩૮ થંભ પરની અગાધ પ્રીતિ.

(કાનુડો ન જાણે મારી પ્રીત. એ રાગ).

પ્રભુ તવ પ્રીત અધિક મીઠી, (૩) અવરમાં એવી નહિ દીઠી. ટેક.

લોહી વરણો થંભ નિરખતાં, કંપે છે મમ કાય,
કંપે છે થરરરરરરરર રે. પ્રભુ તવ. ૧

સુંદર મુખ પર દુષ્ટ તમાચા, મારે છે જો ત્યાંય,
મને તો અરરરરરરરર થાય. પ્રભુ તવ. ૨

કોમળ કુખે રૂધીર ધારા, વ્હેછે તે નિહાળ,
છુટે સેર સરરરરરરરર રે. પ્રભુ તવ. ૩

પ્રેમી કરમાં કઠિણુ ખીલા, ચરણોમાં પણુ તેમ,
કલેજું ચરરરરરરરર ચિરાય. પ્રભુ તવ. ૪

તુંજ સમોવડ પ્રેમ કરંતો, દીઠો નહિ મેં ક્યાંય,
મને તો અધધધધધધધધ થાય. પ્રભુ તવ. ૫

---

૩૯ માલીની છંદ.

નહિ નહિ નહિ ભૂલુ, ઉરથી ખ્રીસ્ત વ્હાલા,
નહિ નહિ નહિ ભૂલુ, પ્રેમ તુજ પ્રેમ વાળા.
કઠિણ સહ્યાં તેં તો, દુઃખ હુ કાજ પ્યારા,
અધિક અધિક સાલે, હ્રુદયમાં રોજ મારા. ૧

વચન વદન દ્વારે, તું વધો જે મધુરાં,
મરણ લગણ ત્રાતા, યાદ રાખીશ પૂરાં,
શરીર ઉપરના તુજ, રેલતા રક્ત રેલા,
નહિ વિસરૂં તે પણ, ઉરમાં છે વહેલા. ૨

અમુલ પ્રાણ હોમી. જીવ મારો ઉગાર્યો,
નિમકહરામી હુ, થૈશ નહિ નાથ તારો.
મનન કરીશ ખંતે, પ્રેમનુ નિત્ય તારા,
અતિ દિન થઈ તુજમાં, દીન ગાળીશ મારા. ૩

---

૪૦ રૂમી. ૧૩; ૧૨ "રાત ઘણી ગઇ ને દિવસ પાસે છે."

(ભોળા ભુલમાં શું ફરે ભમતો રે, તને સત્ય મારગ નથી ગમતો. એ રાગ).

વિતિ ગઇ છે રાત વિચારી રે, ઉઠ કર ઝટપટ તૈયારી. ટેક.

દિવસનાં સહુ વસ્ત્રો પ્હેરો, રાત સમયનાં ઉતારી,
બ્હાર જઇ ઝટ વળગો કામે, આળસ, ઉઘ વિદારી રે. ઉઠ. ૧

કાળી રાતનાં કાળાં કામો, એશારામ ને જારી,
લંપટતા, ઝગડા, ઇર્ષાને, ફેંકી દ્યો ધિક્કારી રે. ઉઠ. ૨

રાતતણા રૂદન વિલાપો, મનથી મૂક વિસારી,
દિનકરનું દિલખુશ અજવાળું, લઇ લ્યો દિલ પ્રસારી રે. ઉઠ. ૩

શોભિત વસ્ત્રો ખ્રીસ્ત પ્રભુ છે, પ્હેરો થઇ આભારી,
શુભ શુભ કામો કરતાં થાશે, જીવન સફળ સુખકારીરે. ઉઠ. ૪

તારણ દાનને પરખી લેજે, છે તે પાસે તારી,
એમ છતાં નહિ લેખવશે તો, હાલત થાય નઠારી રે. ઉઠ. ૫

બેદરકારે સૂઇ ન રહેતો, રાત હજી છે ધારી,
પાછળથી પસ્તાશે મૂરખ, માન શિખામણ સારી રે. ઉઠ. ૬

પ્રેમ સુધારસ પ્રીતથી પીજે, પાજે અવર ને જારી,
ઇશ્વિર સંગત છે બહુ મીઠી, હર્ષિત શિતળ કારી રે. ઉઠ. ૭

---

૪૧ પ્રભાત.

રાગ ભેરવ.

ઉઠ જીવ, થયો પ્રભાત, શિતળ શાંતકારી. ટેક.

કિર્ત્તનો સુસંત ઘેર, થાય છે જુઓ સુપેર,
ગાય ગીત જોસભેર, સરસ સૂર કાઢી. ઉઠ. ૧

સૂઈ શું રહ્યો હજી, નિરખં નિદરા તજી,
લે જરા પ્રભુ ભજી, જગત સહુ વિસારી. ઉઠ. ૨

ઉઠ ગા ગવાય એમ, ઈશ્વરી મધૂર પ્રેમ,
રાખ્યો આખી રાત ક્ષેમ, આપી ઉંઘ સારી. ઉઠ. ૩

રે ઘણાંજ આજ રાત, પામિયાં નહિ નિરાંત,
થઈ હશેજ વિકટ વાત, સખત શોક કારી. ઉઠ. ૪

બહુ જનો બની નિરાશ, થઈ ગયા હશે ખલાસ,
તું રહ્યો હયાત ખાસ, સતત લે વિચારી. ઉઠ. ૫

સૂર્ય ઉગતાંજ જાગ, કપટ કુવિચાર ત્યાગ,
ખ્રીસ્ત પ્રેમનો પરાગ, હ્રદય લે પ્રસારી. ઉઠ. ૬

---

૪૨ અસાર સંસાર.

(દેખા નહિ કુછ સાર જગતમેં એ રાગ.)

લેસ નથી સુખકાર જગત તો લેસ નથી સુખકાર,
જો અનુભવ કરશો તો અંતે, નિકળે એ ઉદ્દગાર. ટેક-

કામ ક્રોધ, મદ, લોભ ભર્યો છે, તરકટ, ખટપટ, ખાર,
માયા, મોહ બડી મતલબ છે, લેશ મળે નહિ પ્યાર.
(૨) જગત. ૧

કલેશ, દ્વેષ કંકાસ, કપટ ને જુઠાઈ ચોરી, જાર,
વેર, ઝેર, ટંટા, ઝગડા છે, લુચ્ચઇ, ઢોંગ વિહાર.
(૨) જગત. ૨

આધી, વ્યાધિ, ખુબ ઉપાધી, ચોગમ દુ:ખ પોકાર,
શોક, વિલાપ વળી કકળાટો, વિધવિધના પણ માર.
(૨) જગત. ૩

બાળક, યૂવક, વૃદ્ધ મરે છે, નવયૌવન પણ નાર,
સહુ ચક્ષુમાં વ્હે અશ્રુધારા, જગમાં હારોહાર.
(૨) જગત. ૪

દુષ્ટ, અભક્ત દિસે સુખિયા બહુ, સંત સુખી ન લગાર,
રે આ દુષ્ટ અસાર જગતમાં, શાંતિ નહિ પળવાર.
(૨) જગત. ૫

એવા જગથી ના લોભાશો, ઓ વ્હાલાં નરનાર,
તો મળશે જગ નાથ પ્રભુથી સ્વર્ગી સુખ ભંડાર.
(૨) જગત. ૬

૪૩ સારી શિખામણ.

સહુ સાંભળજો, ધ્યાન ધરી નરનારી,
આ ટુંક શિખામણ સારી. ટેક.

સહુ ઉઠજો રોજ પ્રભાતે રે, પ્રભુ ભક્તિ કરી ભલીભાતે રે,
દીન આખો રે, થાશે સુખદ સહુ વાતે. આ ટુંક. ૧

કરો પ્રીત બધા પર સારી રે, ક્રોધ, કપટ, કીનો વિદારી રે,
દિલ દાનત રે, રાખો શુભશુભકારી. આ ટુંક ૨

ઘરબાર ચલો જ્યમ સારૂં રે, ત્યમ રાખો દિલ તમારૂં રે,
લઈ લ્યો મનમાં હિત વચન આ મારૂં. આ ટુંક. ૩

કડવાં વચનો પણ સાંખો રે, પોતા સમ પરનુ તાકો રે,
વળી નિશદીન રે, મધુર વચન મુખ ભાખો. આ ટુંક. ૪

નહિ નિંદ્ય વચન ઉચરશો રે, નિત હિત પણ સહુનુ કરશો રે,
અતર માંહે રોજ પ્રભુ ભય ધરશો. આ ટુંક ૫

---

૪૪ પ્રાર્થના

રાગ હિંડી.

અરજ આટલી સ્વીકાર ઇસ મારી,
કાપ પાપ, શ્રાપ, આપ મતિ સારી,
કરૂં પ્રેમથી સદાય સ્તુતિ તારી. (૨) ટેક.

મતિ મૂઢ ને પતિત છેક મારી,
રેડ આત્મિક શ્રેષ્ઠ શુદ્ધ વારી,
થઈ જાય મતિ છેક નેક ન્યારી. (૨) અરજ. ૧

રોગ, શોક, સકળ સંકટો નિવારી,
વળી દ્યો સમૂહ શત્રુનો વિદારી,
નવિન આપ સન્મતિ ને શક્તિ તારી. (૨) અરજ. ૨

તુજ નામ, કામ, પ્રેમને સંભારી,
બંધ રે નહિ લગાર જીભ મારી,
મધુર પ્રીત ગાઉં નિત્ય નિત્ય તારી. (૨) અરજ. ૩

---

૪૫ સમય ખંડી લ્યો.

રાગ પદ.

સમય ખંડી લે બુદ્ધિવાન, સમયને જાણી બહુ મુલવાન,
કરી લે સાર્થક જીવન આજ, કથાળે છે શા માટે કાજ. ટેક.

વારી વેગે વર્ષો વિતે, જાગી જો પળવાર,
અંધ થઈ થાઓ છો શાને, ખાલી ખૂબ ખુવાર,
ઢળ્યું જે ઢળનારૂં તો જેમ, ઢળ્યું તે ફેર મળે નહિ તેમ,
સમયની સમજો એવી વાત, ગયો તે ફેર ન આવે હાથ.
સમય. ૧

ઇશ્વર મહિમા કાજે પામ્યો, તું ઉત્તમ અવતાર,
તો શુભ નામ રટી લે તેનુ, કૈક ઘડી બે ચાર.
મરીને જેમ ગયું મરનાર, કદી તે પાછું નહિ ફરનાર,
સમયની પણ એવી છે બ્હાર, ગયો તે નહિ આવે કો વાર.
સમય. ૨

પલટેલી જોબન શોભા શુ, મળશે બીજી વાર,
કરમેલું કુસુમ કહોને, ખીલે શુ કો વાર,
વણાયું તેજ વણાયુ જાણુ, વણાશે ફેર નહિ તે તાર,
ઠસાવી અતરમાં આ સાર, સમયનો લઇ લ્યો લેશ વિચાર.
સમય. ૩

વૃક્ષો પરથી ખર ખર ખરતાં, પાંદાં અપરમ્પાર,
તે સુંદર વૃખપાન ફરીથી, ચોંટે નહિ નિજ ઠાર,
થયું જે ખાખ બળી બળનાર, બળ્યું તે ફેર નથી બનનાર,
સમયનો એવો ખાસ ચિતાર, ગયો તે છેક ગયો નિરધાર.
સમય. ૪

વિતે તક તારણની કેવી, બહુ મોંઘી સુખકાર,
પામી લે ઝટ પામર પ્રાણી, નહિ કર વાર લગાર,
ફરી દેખીશ નહિ સંસાર, ઘડી કંઇ ઘટમાં ઘાલ વિચાર,
સમયની એવી છે બલીહાર, વધું વરણું શું વિગતવાર.
સમય. ૫

૪૬ ટુંકી જીંદગી.

(એક દિન એવો આવશે, તે મારા રૂદીયામાં સાલે જી. એ રાગ).

શાણા કહું એક વાતડી, મારા અંતરમાંની જી,
ભક્તિ કરી લે ભલો થઇ, ટુંકી છે જીંદગાની જી. ટેક.

વ્હેલાં કે મોડાં આવશે, મોતનાં ક્રુર તેડાં જી,
ઝડપી લેશે ચડપમાં, હોય વેળા કવેળા જી. શાણા. ૧

બાળકરૂપ સોહામણી, વાડી કોમળ તારી જી,
ભેલાશે ભૂલીશ મા, એક દી અણધારી જી. શાણા. ૨

શું ભાસે છે સ્મશાનમાં, જઇ જો રજ પ્રાણી જી,
વર્ષોનાં વર્ષથી ભલભલા, સુતા છે સોડ તાણી જી. શાણા. ૩

પંખી પઠે મળ્યા આપણે થોડી મુદત માટે જી,
જેનો સમય જ્યારે થશે પડશે તે વાટે જી. શાણા. ૪

આગળ વાટ છે દોહલી, મન લેજે વિચારી જી,
સાથ સદાનો શોધજે, ઉકલે વાટ તારી જી. શાણા. ૫

વિર વેળાસર ચેતજે, મૂકી મિથ્યા વડાઇ જી,
વસ્તુ ખરી તું ખરીદજે, એજે જાતો ઠગાઇ જી. શાણા. ૬

૪૭ યરૂશાલેમ વિષે રૂદન.

મરસીયો.

હાલ, હાલ શા થશે ઓ શાલેમ તારા, થશે શા શાલેમ તારા,
નહિ માન્યાં વચનો તે મારાં રે. હાલ. ટેક.

ઘેરો ઘાલશે શત્રુઓ તારા,
થઇ જશે અનેક નોધારા,
હાય વ્હેશે આંસુ ચોધારા રે. હાલ. ૧

કોટ કેરા પત્થર જે તારા,
વિખરાશે ભલે હોય સારા,
બાળ રિબિને મરશે બિચારા રે. હાલ. ૨

શાંતિરૂપી વાનાં જે તારાં,
સદાકાળિક સુખ દેનારાં,
તે આજે થયાં છે નિરાળાં રે. હાલ. ૩

ક્રુર સ્હેર તું કેર કરનારા,
ભવિષ્યવાદીઓને મારનારા,
મુજ ભકતનુ રકત પીનારા રે. હાલ. ૪

જેમ મરઘી બચ્ચાં નિજ પ્યારાં,
પાંખો તળે સમેટે સારા,
એમ ચાહ્યાં સંતાનને તારાંરે. હાલ. ૫

હિતકારી વચન સહુ મારાં,
છેક તેઓને તેં તુચ્છકાર્યાં,
ખોઇ નાખ્યાં કૃપાદાન સારાં રે. હાલ. ૬

દયા દ્વારો હતાંજ ઉઘાડાં,
છતાં કીધાજ કાન આંખ આડા,
હવે આવ્યા છે દુઃખના દહાડા રે. હાલ. ૭

૪૮ આ આપણું વિશ્રામસ્થાન નથી.

રાગ ગજલ.

નથીજ જીવ તાહરૂં, વિશ્રામસ્થાન આ,
નથી અનંતકાળનું, નિવાસધામ આ. ટેક.

અફ્સોસ, શોક, સંકટો, વિલાપ છેજ હિયાં,
નિશ્વાસ ને નિરાશ છે, દરેક ઠામમાં. નથીજ. ૧

સંસાર છે જરૂર, આંસુઓતણી જગ્યા,
દિસે અનેક જોખમો, પરીક્ષણો ઘણાં. નથીજ. ૨

વસ્યાં બધાંય આપણે, પ્રવાસિ પેર હિયાં,
સ્વદેશ તો સુસ્વર્ગ છે, અપાર શાંતિ જ્યાં. નથીજ. ૩

ચહે અવાચ્ય સુખ જો, હમેશ સ્વર્ગમાં,
સદાય ગાળ જીંદગી, સુપેર ખ્રીસ્તમાં. નથીજ. ૪

---

૪૯ "હમણાંજ માન્યકાળ છે."

રાગ લાવણી.

કર ખરી સજ્જન તૈયારી, તારણ સુખ લેવા ભારી,
નવ જશે પ્રાણ કોવારી, કાયા પણ ધૂળ થનારી. ટેક.

[1]અંતક તવ છે ચોપાસે, જોતાંમાં ઝડપી જાશે,
પછી ત્યાં તું, કહેશે શું? વિચાર હજુ, થશે લાચારી.
તારણ. ૧

કરવાનું તેં નવ કીધું, પણ વ્યર્થ કામ કર[2] લીધું,
થશે શિક્ષા, તને બહુ ત્યાં, સમજ રજ ત્યાં, બીક મન ધારી.
તારણ. ૨

---

[1] મોત. [2] હાથ.

રાજા, દિન, ગાંડા, ડાહ્યા, મોતે તેમને સપડાવ્યા,
ભરોસો શો, તાહરો તો, તપાસી જો, થા ન અવિચારી.
તારણ. ૩

ઓળખ ને જો અધ તારાં, ગફલતમાં રે નહિ પ્યારા,
જરૂર જાશે, મહા નાશે, તહાં થાશે, ખરાબી તારી.
તારણ. ૪

છે દેવ દયામય મોટો, માફીનો છે શું તોટો?
ફિકર કર કાં, પ્રભુ ગમ થા, અરે થા થા, થશે સુખ ભારી.
તારણ. ૫

આવી જા ઇસુ પાસે, શાંતિ તવ દિલમાં થાશે,
પાપ બળાશે, મોક્ષ મળાશે, સજા ટળાશે, અંતની તારી.
તારણ ૬

ઝટપટ તેને લે ઝાલી, ખટપટ છોડી દે ખાલી,
સમજ જા જા, જરા પસ્તા, વખત છે હા, હજુ સુખકારી.
તારણ ૭

માટે ચેતો નર નારી, લૈ લ્યો પુરી તૈયારી,
થશો સુખિયાં, પ્રભુને ત્યા, અહો શિખ આ, ઘણી ગુણકારી.
તારણ ૮

૫૦ અંત્ય ન્યાયચુકાદો.

રાગ ગોડીની દેશી.

એક દિવસ આવશે એવો, જેનો પ્રત્યેકે વિચાર લેવો,
કોઇ કાજ થશે રડવાનો, કોઈ કાજ થશે હસવાનો. ૧

એક સભા મહાન ભરાશે, એકઠાં સહુ કોઇ કરાશે,
બધી જગ્યા ને જમાનાના, સહુ કુળ અને ભાષાના. ૨

શ્રેષ્ઠ આસન ત્યાંજ મુકાશે, ઉભા રેશે બધાં તેહ પાસે,
રાજ ખ્રીસ્ત વિરાજશે મારો, દિપે કોમળ સુંદર સારો. ૩

અજામેશની રીત પ્રમાણે, યુગ્મ ભાગ થશે તે ટાણે,
મેશ મુજબ સારા લેખો, બકરા સમ ભુંડા પેખો. ૪

પ્રભુ ખ્રીસ્તના લોકો જેઓ, રેશે જમણે ઉભા તેઓ,
ડાબે શેતાનના સહુ લોકો, ઉભા રહીને મુકશે પોકો. ૫

ઇસુ ભક્તને કહેશે આવો, મારા બાપતણા વાલાઓ.
હવે સુખ સનાતન પામો, જગ દુઃખ થકીજ વિસામો. ૬

ભારે વિપતથી તમો આવ્યા, મુજ રક્તથી શુદ્ધતા લાવ્યા,
પામી લ્યો શુભ વારસો આજે, સિદ્ધ કીધેલ છે તમ કાજે ૭

સત શ્વેત આભૂષણ પ્હેરી, ગ્રહી ડાળ ખજુરી કેરી.
કરશે સ્તુતિ ઉગ્ર અવાજે, સ્વામી ખ્રીસ્ત પ્રભુને કાજે ૮

વિણા સુંદર હસ્તમાં સાહી, ગાશે પ્રેમ બધાં બાદશાહી,
હરખાશે સદા એક સાથે, કમી રેશે નહિ કોઈ વાતે. ૯

પિડા પામશે લોકો ભુંડા, પડી નર્કની ખાણમાં ઉંડા,
સંતો ગાશે સ્તુતિ ગાનો, અતિ પામતાં હર્ષ સદાનો. ૧૦

---

૫૧ ગી. શા. ૨૩.

રાગ પદ.

છે મમ પ્રેમી પાળક ઇસુ, અછત કદી નહિ થાશે રે. ટેક.
ખોટ નથી આરામ તણી તો, મજ થાકેલા માટે રે,
લીલાં બીડ મધે સૂવાડી, સરસ વિસામો આપે રે.
છે મમ. ૧

પાણીની પણ ખોટ નથી કૈ, નિર્મળ જળ જ્યાં વેછે રે,
ત્રાતા મારો બહુ કરૂણાથી, તેણી ગમ દોરે છે રે.
છે મમ. ૨

માારી સહુ મજ અપરાધોની, આપે ઉત્તમ રીતે રે,
એમ કરીને આત્મા તાજો, નિત્ય નિભાવે પ્રીતે રે.
છે મમ. ૩

હોયાંની પણ ખોટ ન પડશે, હમણાં કે પછી અંતે રે,
દોરે છે નિજ નામજ ખાતર, ન્યાયીપણાને પંથે રે.
છે મમ. ૪

સાથી છે સહુ કરતાં સારો, સ્વામી સુંદર મારો રે,
હોઉ કદી જો મરણ ખીણે હુ, તોય નથી ડરનારો રે,
છે મમ. ૫

ખોટ મને તો દિલાસાની, પડશે નહિ કો વારી રે,
તુજ સોટી ને લાકડી દે છે, રોજ દિલાસો ભારી રે.
છે મમ. ૬

ખોટ કદી ખોરાક વિષે પણ, મજને રજ નહિ રે છે રે,
શત્રુ દળ આગળ મજ માટે, ભાણુ તું પીરસે છે રે,
છે મમ. ૭

આપે છે આનદ અધિકો, ચોળી તેલજ માથે રે,
હર્ષાનદી એમ હમેશાં, રાખે છે ભલિભાતે રે.
છે મમ. ૮

પડશે નહિ રે ખોટ કશાની, પ્રીતમ પ્યાર ખરો છે રે,
આશીર્વાદ તણો મજ પ્યાલો ટંકોટંક ભર્યો છે રે.
છે મમ. ૯

આ લોકે પડનાર નથી રે, ખોટ મને કો વાતે રે,
સત્વ, દયા નિશ્ચે નિત તેના, રે છે મુજ સંઘાતે રે.
છે મમ. ૧૦

પરલોકે તો ખોટજ શાની, છે મજ વ્હાલો ત્યાં તો રે,
રૈશ સદા એ સુંદર ઘરમાં, તેનાં યશગુણ ગાતો રે.
છે મમ. ૧૧

૫૨ ઈસુ મારો રક્ષક.

સુખદાતા જગપતિ પ્રભુ ઈસુ, અતિ મનહર લાગે. ટેક.

પ્રેમદયાથી ઉત્તમ દાનો, દે છે મજને રોજ.
સહુ વાતે ભલીભાતે, દિન રાતે રહી સાથે.
તું પરમ કૃપાથી મજ પાપીનો, નિત્ય ઉઠાવે બોજ.
સુખ. ૧

બહુ મમતાથી તું મજ સાથે, વર્ત્તે છે સહુ વાર,
શુભ રીતે, અતિ પ્રીતે, મુખ સ્મિતે, વળી નિત્યે,
દુઃખ દૂર કરી કીધા છે મજ પર, અગણિત તેં ઉપકાર.
સુખ. ૨

હોય હૃદય જો દારૂણ દુઃખમાં, કે મન હોય નિરાશ,
ઉર વ્યાપી, દુઃખ કાપી, સુખ આપી, થિર સ્થાપી,
પ્રભુ તે વખતે તું વિધ વિધ રીતે, તરત કરે ઉલ્લાસ.
સુખ. ૩

સાંભળતાં તુજ મીઠી વાણી, દુઃખ બધાં ભાગે,
મુખ તારૂં અતિ પ્યારૂં, બહુ સારૂં, મમતાળુ,
ઓ પ્રીતિવાન પ્રભુ તુજ સંગત, નિત નિત મન માગે.
સુખ. ૪

પ્રેમથકી તું પળપળ રાખે પાપીની સંભાળ,
શીખ સારી, સુખકારી, દુઃખ હારી બહુ ભારી,
તું આપે છે અતિ આતુરતાથી, પાસે રહી સહુ કાળ.
સુખ. ૫

૫૩ વિધર્મીઓને ચેતવણી.

ભુજંગી છંદ.

અરે ભર્ત ભૂમી તણા સર્વ ભાઇ,
પડ્યા શું રહ્યા પાપની ઉંઘ માંહી.
જુઓ તો ખરા લેશ આંખો ઉઘાડી,
દિસે દીન કે શું હશે રાત કાળી. ૧

કરો છો તમો વ્યર્થ મારૂંજ મારૂ,
નથી રે નથી લેશ તેમાં તમારૂં,
નથી દુનિયા આ હિતેચ્છુ તમારી,
નથી દુનિયા આ દયા તાકનારી. ૨

ટળી રે જશે દુનિયા આ તુફાની,
હતી, છે, નથી થૈ જશે જીંદગાની.
નક્કી ધારી લ્યો ઉરમાં સ્વપ્ન આ તો,
કરી લ્યો તૈયારી ખરી સર્વ ભ્રાતો. ૩

હવે સૂઇ રેશો ન નિરાંત માની,
પ્રભુ કયાં સુધી રાખશે મ્હેરબાની.
અહો ખ્રીસ્તને સૌ તમો દેવ જાણી,
સદાની થશે સદ્ગતી આતમાની. ૪

---

૫૪ નવિન વર્ષ.

રાગ ભોપાળી કલ્યાણ.

જયવંત દેવને નમી નમ્ર ભાવથી,
હળી મળીને માનીએ, ઉપકાર પ્રેમથી. ટેક.

જય જયકારી જગમાં હોજો, જગકર્ત્તાનું નામ,
પ્રેમે રેમે દેખાડયું છે, વર્ષ નવું આ ઠામ. જયવંત. ૧

આહા આજે વર્ષ નવાની, પૂરી મનની આશ,
અજ પાપીને પૂર્ણ કૃપાથી, દેખાડયોજ પ્રકાશ. જયવંત. ૨

આ ઉઘાડી ધાડી પ્રીતિ, કોણ ન માને કેમ?
હા, થૈએ આભારી ભારી, સંભારી આ રે'મ. જયવંત. ૩
વર્ષ ગયું છે જુનુ જેને, નૌત્તમ બેઠું છેજ,
જોતાંમાં જે જાશે વહીને, થઇને જુનુ એજ. જયવંત. ૪
જુનુ જેમ ગયુ કબજેથી, નવિન વર્ષ પણ તેમ,
એમજ કરતાં અંતજ આવે, અંતે કરશો કેમ? જયવંત. ૫
સમય નથી રે સમજો શાણા, પામી લ્યો આ પ્રેમ,
રે રે ક્યાં સુધી મમતાળુ, રાખી રહેશે રેમ. જયવંત. ૬
નૌત્તમ સાલે જગદાધારા, તારો આશીશ આપ,
કે પાપોથી ચેતી જેથી, જાથુ રહે તવ જાપ. જયવંત. ૭
હા, તુજ આશીર્વાદે પામી, જાપક જપમાં જોર,
દર્શાનંદે કહે હોસાના, બુઢ્ઢા, બાળ, કિશોર. જયવંત. ૮

---

૫૫ બધું ઈસુને કહે.

ગજલ.

અગર જો હોય માંદો તું, ઈસુને કહે, ઈસુને કહે.
હૃદય ભંગિત થયો છે શુ? ,, ,, ,, ૧
પડયો શિર બોજ જો ભારી, ,, ,, ,,
પડે નિર આંખથી તારી, ,, ,, ,, ૨
વિસામો જીવ જો માગે, ,, ,, ,,
મરણની બીક જો લાગે, ,, ,, ,, ૩
કદી મમ ભ્રાત જો વાગ્યા, હૃદયમાં ખૂબ કારી ઘા,
અરે ના રાખતો છાના, ઇસુને કહે, ઇસુને કહે. ૪
ગરજ સહુ હોય તારી જે, ,, ,, ,,
ગમે તે હોય તારૂં જે, ,, ,, ,, ૫

૫૬ પરમ સુખ કેવળ પ્રભુમાં છે.

રાગ પીલુ

જગતમાં પરમ સુખ સર્વથી શુ છે,
પ્રભુમાં હમેશાં ખુશી રેવુ એ છે. ટેક.

નથી માલ મિલકત ને માનમા એ,
નથી વિશ્વની કીમ્તી ચીજ માંહે જગતમા.

વૃથા વાત સસારની છે બધીએ,
મળે શુ મળી ધૂળમાંથી કદીએ? જગતમાં.

ખરૂ સુખ તો ખ્રીસ્તમાંહી વસે છે,
અવરમા અસતોષ, સતાપ રે છે જગતમાં.

અવરમાં નિશાશા નિરાશા મળે છે,
પ્રભુ ખ્રીસ્તમા ગાત્ર શાંતિ વળે છે જગતમાં.

ગમે તે ગણો યા કહો કે કરોને,
પરમ સુખ છે દિલ પ્રભુમાં પરોવે. જગતમા

વિના ખ્રીસ્ત, બાકી બધુ જે હશે તે,
નક્કી વ્યર્થતા, વ્યર્થતા, વ્યર્થ તે છે. જગતમા

નિરાધારનો ખાસ આધાર એ છે,
દુઃખીનુ સદા એજ શાંત્યાસપદ છે. જગતમા.

સદા એક એમા ખુશી જે રહે છે,
સુખીમાં સુખી એજ છે દાસ કે છે. જગતમાં.

---

૫૭ ઈસુના નમુના પ્રમાણે જીવન ગાળવું.

(જે ઇસુ કહે તે હુ કરીશ. એ રાગ).

જ્યમ ઇસુ રેતો ત્યમ રહીશ, (૩) હું રહીશ તેને કાજ.
જ્યમ ઇસુ બોલ્યો ત્યમ બોલીશ (૩) હું બોલીશ તેને કાજ.

જ્યમ ઇસુ ચાલ્યો ત્યમ ચાલીશ (૩) હું ચાલીશ તેને કાજ.
જ્યમ ઇસુ ચ્હાતો ત્યમ ચહીશ (૩) હું ચહીશ તેને કાજ.
જ્યમ ઇસુ જોતો ત્યમ જોઇશ (૩) હુ જોઇશ તેને કાજ.
જ્યમ ઇસુ સેતો ત્યમ સહીશ (૩) હુ સહીશ તેને કાજ.
જ્યમ ઇસુ જીવ્યો ત્યમ જીવીશ (૩) હુ જીવીશ તેને કાજ.
જ્યાં ઇસુ ગયો ત્યાં જાઇશ (૩) હુ જાઇશ તેને કાજ
જ્યાં ઇસુ રેછે ત્યાં રહીશ (૩) હુ રહીશ સર્વકાળ.

---

૫૮ આત્મિક વૃષ્ટિની માગણી

(કદી હુ વિસરૂં નહિ પ્રભુ નામ એ રાગ.)

વર્સાવ વિભૂ સત્ય શુદ્ધાત્મક મેહ, સત્ય શુદ્ધાત્મક મેહ.
વર્સાવ વિભૂ સત્ય શુદ્ધાત્મક મેહ ટેક
ટળવળે તુજ અધિક બાળો, વારિ વિના જગમાંય.
વર્સાવ. ૧
સજીવ જળ વિણ નથી જરાએ, જીવમાં જીવન જ્યોત
વર્સાવ. ૨
પુનિત આત્મિક વૃષ્ટિ થએથી, જીવશે જીવન વેલ.
વર્સાવ. ૩
નિરસ સૂકાં લુખાં મનમાં, પ્રીતની રેલે રેલ.
વર્સાવ. ૪
પ્રેમ પ્રવાહ દિલ પ્રબળ વેગે, વહે અવાર નવાર.
વર્સાવ. ૫
સજીવ જળ સિંચનથી જીવો, થશે રસે ભરપૂર.
વર્સાવ. ૬
અમિ વૃષ્ટિમાં રમી રહેતાં, નિત સ્તવશું તવ પ્રેમ.
વર્સાવ. ૭
હ્રદય સ્થળ આ બનશે ત્યારે, લલિત લીલી કુંજ.
વર્સાવ. ૮

૫૯ આકાશી દેશ.

સવૈયા એકત્રીસી.

હે આકાશી નિરમળ નગરી, તુજ નામે હરખે છે ઉર,
ખૂબ અજબ સુંદરતા તારી, સુંદરતામાં તું છે પૂર.
જય આનંદી, સુખકર, સારા, દિવ્ય, મનોહર, વ્હાલા દેશ,
તુજને જોવા તુજમાં રેવા, તલપે છે મમ જીવ હમેશ. ૧

સોનેરી રસ્તા પર તારા, ફરવા મનમાં છે બહુ હામ,
નિજ દૂતો સતો સંઘાતે, સ્તવવા, રટવા વ્હાલુ નામ.
સોનાની સુંદર વિણા પર, ગજવીશુ સુગાન વિશેષ,
વ્હાલા દેશ તને નીરખવા, તલપે છે મમ જીવ હમેશ. ૨

સુખ આનંદ અનોપમ તારાં, ખ્રીસ્ત સદા ઝળહળતી જ્યોત,
દ્વારો, કોટ, નર્યાં કંચનનાં, તુંજ રહીશોને શી ખોટ.
રાજાસન સુદર પર બેસી, રાજ્ય ચલાવે ખ્રીસ્ત નરેશ,
વ્હાલા દેશ તને નીરખવા, તલપે છે મમ જીવ હમેશ. ૩

તવ નિર્વાચક સુખ અનુભવવા, છે હૈડાં બહુ હર્ષાતૂર,
દોર પ્રભુ તું તે ગમ અમને, નિર્બળતા સહુ કરતાં દૂર.
આ ક્ષણભંગૂર જગને તજતાં, તુજમાં તર્ત પમાય પ્રવેશ,
વ્હાલા દેશ તને નીરખવા, તલપે છે મમ જીવ હમેશ. ૪

---

૬૦ જયવંત ખ્રીસ્ત.

દોહરા.

જય જય ઈસુ માહરા, જય જય તારાં કામ,
જય જય તારા પ્રેમને, જય રે જય તુજ નામ. ૧

કોતરી રાખું ખંતથી, હેતે હૈયા માંય,
જેથી જીવન માહરૂં, તુજ માટે વપરાય. ૨

નાથ હતો તું સ્વર્ગનો, મ્હારાજાધિરાજ,
તોપણ દાસ થયો જગે, મુજ પાપીને કાજ. ૩

વિધ વિધ વિપત વેઠતાં, તુ પામ્યો ધિક્કાર,
છેવટ શ્રાપિત મોતનો, તે કીધો સ્વિકાર. ૪

નામ મધુરૂં તાહરૂં, લીન જનોની આશ,
પામું તુજ નામે પ્રભુ, હું સુખપદ આકાશ. ૫

ગરબીઓ.

૬૧ ખ્રીસ્ત વિષે શાક્ષી.

(ગાઓ ગાઓ રે સુગાન એ રાગ).

જાણું જાણુ છુ સુવાત(૨) એક બ્રાત સાંભળજો મારી.
કહું કહું છુ વૃતાંત (૨) એક ખાસ સહુને વિસ્તારી. ટેક.
ત્રીમંડળનો જે મહારાજા, પ્રીતિવાન અપાર રે,
મુજ પાપી પર તેણે કીધી, પ્રીતિ અપરમ્પાર. સહુ. ૧
વૈભવ, માન તજી શુભ સ્વરના, આવ્યો આ મહા ભૂપ રે,
હું, તું ને સહુ પાપી કાજે, લીધુ માનવ રૂપ. સહુ. ૨
પાપો ને અપરાધો માંહે, મૃતક હતો હુ ખાસ રે,
જીવન દાતાએ જીવનનો, મજમાં ફૂંક્યો સ્વાસ. સહુ. ૩
આત્મિક અંધાપાને લીધે, નીરખતો નહિ કાંઈ રે,
ત્રાતાના શુભ અંજનથી હું જોવા લાગ્યો ભાઇ. સહુ. ૪
છેક હતો હુ કાને બ્હેરો, સુણતો નહિ પ્રભુ વાત રે,
મમતાળુએ મજ બ્હેરાને, આપ્યા સુંદર કાન. સહુ. ૫
તારણદાન વિષે હું પાપી, છેક હતો અજ્ઞાન રે,
આકાશી અક્ષય ધન આપી, કીધો છે ધનવાન. સહુ. ૬
હુ અપરાધી કાજ હતી રે, દુ:ખની ઉંડી ખાણુ રે,
મુક્ત કર્યો મમતાથી તેની, તજતાં પોતે પ્રાણ. સહુ. ૭

૬૨ પ્રિય નામ.

(સ્તેફન ભક્ત હતો પૂરો એ રાગ).

ઈસુ નામ લાગે મને પ્યારૂં, તે તો જગ મધ્યે અતિ સારૂં,
ઠારે મન સ્નેહથી નિત મારૂં, ઇસુ નામ લાગે મને પ્યારૂં. ટેક.
મીઠું પણ મધથી અધિક લાગે, જીવનનાં દુઃખડાં બધાં ભાગે,
હ્રદયમાં પ્રેમ તરત જાગે, ઈસુ નામ. ૧
આનંદી, હિતકર છે ભારી, કરે નિત નિર્મળ મતિ મારી,
વળે શાંતિ તેથી ઘણી સારી, ઈસુ નામ. ૨
રટે તેને જે કો ખરી આશે, તેનાં પાપ શ્રાપ બધાં જાશે,
કથિર શીટી કંચન તે થાશે, ઈસુ નામ. ૩
સદા મુજ ઉરમાં લખી રાખું, પળે પળે તેને તે ભાખું,
નહિ, નહિ, નહિ અવર ચાખું, ઇસુ નામ. ૪
મને તુજ નામની રઢ લાગી, જગનું સહુ કિમતી દઉં ત્યાગી,
બની જાઉં તેથી અહો ભાગી, ઇસુ નામ. ૫

---

૬૩ જૂઠું જગત.

(રાજાનો કુંવર રે વનમાં નિકળ્યો એ રાગ).

જૂઠું રે જૂઠું જગને જાણજે,
સાચો તો સ્વામી છે એકજ મારો રે. જૂઠું. ટેક.
જૂઠાં રે જૂઠાં કામો તેહનાં,
સાચાં તો ઇસુનાં છે સંભારો રે. જૂઠું. ૧
જૂઠાં રે જૂઠાં સુખો તેહનાં,
સાચાં તો ત્રાતા ઈસુમાં માણો રે. જૂઠું. ૨
જૂઠા રે જૂઠા બોલો તેહના,
સાચા બોલો એકજ ઈસુ મારો રે, જૂઠું. ૩

જૂઠા રે જૂઠા રસ્તા તેહના,
સાચો રસ્તો ઈસુ છે બહુ સારો રે. જૂઠું. ૪
જૂઠી રે જૂઠી પ્રીતિ તેહની,
સાચી પ્રીતિ ઇસુની પરમાણો રે. જૂઠું. ૫
જૂઠી રે જૂઠી સગત તેહની,
સાચી સંગત ઈસુની છે કરજો રે. જૂઠું. ૬
જૂઠી રે જૂઠી આશા તેહની,
સાચી આશા ઈસુની છે ધરજો રે. જૂઠું. ૭
જૂઠા રે જૂઠા લાભો તેહના,
સાચા લાભો ઇસુમાં છે પામો રે. જૂઠું. ૮

૬૪ જગતનો પ્રેમ ખોટો.

(પ્રીત તોડો, પ્રીત તોડો એ રાગ).

પ્રેમ ખોટો, પ્રેમ ખોટો, જગતનો પ્રેમ ખોટો રે. ટેક.
નરકની એ દુઃખદ ખીણે, શીદ મૂકો છો દોટો. જગત. ૧
ભાવિક સંતો ભલ ભલાને, જગે લગાડી ચોટો. જગત. ૨
જગીક પ્રેમે ફસી જશો તો, અંતે આવશે તોટો. જગત. ૩
તુટી ને ફુટી જાશે પલકમાં, પાણીનો પરપોટો. જગત. ૪
અમૃત મૂકી અરે પીઓ છો, ઝેર ભરેલો લોટો. જગત. ૫
અહો ખરો પ્રેમ પ્રભુ ઇસુનો, મધૂર ને બહુ મોટો. જગત. ૬

૬૫ જીવને બોધ.

(સૂખે સૂતો શું માનવી. એ રાગ).

ચિત્તમાં ચેતી લે પ્રાણિયા, વ્હેલો થઇ જા તૈયાર,
તેડાં આવ્યાં રે મોતનાં. ટેક.
જીવન ગાળ્યું તેં પાપમાં, ભૂલી જઇને કિરતાર. તેડાં. ૧

ગુમાવી મૂડી ગાંઠની, ખાલી થયો તું ખુવાર. તેડાં. ૨
સંભાર્યો નહિ નિજ નાથને, હૈયામાં પળ બે ચાર. તેડાં. ૩
મનડામાં તું વિચારજે, કરશે કોણ તારી વ્હાર. તેડાં. ૪
આવી જા રે ઇસુ કને, તારો થાશે ઉદ્ધાર. તેડાં. ૫
શપથ રાખો મા દિલમાં, મરતા ચોરને સંભાર. તેડાં. ૬

---

૬૬ પ્રભુ ઇસુ મારું સર્વસ્વ.

(ભવમા ભૂલ્યો હું પાપી. એ રાગ.)

પૂરણ પ્રીતિનું રૂપ છે, પ્રભુ ઇસુજ મારો
રંક તણો શુભ ભૂપ છે, જગ તારણહારો. ૧

સુદર નામી સર્વમાં, પ્રભુ ઇસુજ મારો,
અંતરયામી સર્વનો, જગ તારણહારો. ૨

સાચામાં સાચો ધણી, પ્રભુ ઇસુજ મારો,
રંક હ્રુદય તણી મણી, જગ તારણહારો. ૩

મિત્ર મરણની વાટમાં, પ્રભુ ઇસુજ મારો,
શાંતિ આપે ઉચાટમાં, જગ તારણહારો. ૪

જીવનનો નિતરો ઝરો, પ્રભુ ઇસુજ મારો,
શ્રમિતનો આરામ ખરો, જગ તારણહારો. ૫

કાઢવા પાપ સમર્થ છે, પ્રભુ ઇસુજ મારો,
પામવા પ્રીતિ જોગ છે, જગ તારણહારો. ૬

ભક્તિ ને સ્તુતિ યોગ્ય છે, પ્રભુ ઇસુજ મારો,
માન ને મહિમા જોગ છે, જગ તારણહારો. ૭

માનજો તેને પ્રેમથી, જગના સહુ વાસી,
ટાળશે પાપો રેમથી, મનમાંય પ્રકાશી. ૮

૬૭ સ્વર્ગી આશા.

(વનમાં વાગે છે વાંસળી રે. એ રાગ).

વ્હાલો એક દિવસ બોલાવશે રે, ભજને રેવા તેની પાસ. ટેક.
તેની મહિમાવાન હજૂરમાં રે, મારો થાય અખંડ નિવાસ. વ. ૧
ત્યાંનું સુખ મહા મુલવાન છે રે, ત્યાં તો વ્હાલાંઓનો વાસ. વ. ૨
ત્યાં તો સહુમાં સઘળે મહેકશે રે, ઇસુ પ્રેમ તણો સુવાસ. વ. ૩
ત્યાં તો બંધ સદા માટે થશે રે, સઘળા કજીયા ને કંકાસ. વ. ૪
કડવાં દુઃખ અને ગભરાટનો રે, ત્યાં તો થાશે પુરો નાશ. વ. ૫
ત્યાંતો વિણાના શુભ નાદથી રે, મનડું કરશે નિત ઉલ્લાસ. વ. ૬
સ્તુતિ કરીશું નિર્મળ સ્નેહથી રે, કદીએ થઇશું નહિ નિરાશ. વ. ૭
ત્યાં તો શત્રુનો નહિ લાગશે રે, મનમાં લેશ માત્ર પણ ત્રાસ. વ. ૮
કરજો કામ પ્રભુનું હોંસથી રે, મનમાં રાખી સ્વર્ગી આશ. વ. ૯
અંતે ખ્રીસ્ત પ્રભુમાં પામશો રે, રૂડા આનંદી સ્વર વાસ. વ. ૧૦
જગનાં શ્રમ અને સહુ દુઃખને રે, લેખો ક્ષણિક હલકાં ખાસ. વ. ૧૧
જોતાં સ્વર્ગી સુખ વિશ્વાસથી રે, પામે નિત નિત હિમત દાસ. વ. ૧૨

---

૬૮ ઇસુ પાસે આવો.

(સર્વે સખીને તેડી આવજો રે લોલ. એ રાગ).

પ્રેમે ઈસુ પાસ આવજો રે લોલ, રાખી તે પર વિશ્વાસ,
રૂડા ભાવથી રે લોલ. પ્રેમે. ૧
પ્રીતિ તેની તો અનુપ છે રે લોલ, પાપી દુઃખીનો ભલો ભૂપ,
પ્રેમરૂપ છે રે લોલ. પ્રેમે. ૨
સ્નેહે સુવાત તેની શિખજો રે લોલ, રાખી રૂદેમાં યાદ,
તેમ ચાલજો રે લોલ. પ્રેમે. ૩
સુખિયાં થશો સર્વે વાતમાં રે લોલ, થાશે ફળવંત સહુ કામ,
બહુ સર્વદા રે લોલ. પ્રેમે. ૪

જીવન સદાનું પામશો રે લોલ, પળમાં હૈયાનાં દુઃખ,
બધાં વામશો રે લોલ. પ્રેમે. ૫

ડગશો જરાય નહિ દુઃખમાં રે લોલ, કરશે રૂડેરી સાથ,
પ્રભુ માહરો રે લોલ. પ્રેમે. ૬

સંગત સુખે તેની રાખજો રે લોલ, મળશે દુઃખોમાં ધીર,
બીડ ભાગશે રે લોલ. પ્રેમે. ૭

પ્રીતે સુપ્રેમરસ પામજો રે લોલ, પામી પમાડજો હમેશ,
બધા દેશને રે લોલ. પ્રેમે. ૮

હર્ષે અનંતકાળ ગાળશો રે લોલ, પ્રેમી ઈસુ સંઘાત,
દિવ્ય સ્વર્ગમાં રે લોલ. પ્રેમે. ૯

---

૬૯ ઇસુના પ્રેમની શાંત છાયા.

(માડી હું મારી, છોડને શોક નકામો. એ રાગ).

પ્રભુ તુજ પ્રેમની શાંત છાયામાં,
સદા મને આપ મધુર વિશામાં. ટેક.

ખરો તું તારક પાળક મારો,
વળી તું નાથ અનાથનો સારો.
થયો તું તો જગનો તારણહારો. પ્રભુ. ૧

તું તો છે જીવિકા વૃક્ષજ મારૂં,
અતિ સુખકાર શરણુ છે તારૂં,
જીવનનાં પાપ બધાં હરનારૂં. પ્રભુ. ૨

રહ્યાં તુજમાં સુખ સર્વ સદાનાં,
ઠરે તુજમાં બહુ જીવ બધાના,
નથી સુખ તું વિણુ લેશ કશામાં. પ્રભુ. ૩

કૃપા કરી સાથ સદા લગ રે'જે,
અબળની રોજ ખબર તું લેજે,
નવા નવા નિત્ય તું આશીશ દેજે. પ્રભુ. ૪

૭૦ "એક એવો મિત્ર છે કે જે ભાઈના કરતાં નિકટનો સંબંધ રાખી રહે છે." દૃષ્ટાં. ૧૮; ૨૪.

(ઇતિહાસની આરસી શાહી મેં જોયું માંહી. એ રાગ)

સહુ પાપી કેરો મિત્ર એકજ છે એ તો,
રાખે નિત અદકી પ્રીત, છે ઇસુ તે તો. ૧
ટાળ્યાં જેણે સહુ દુઃખ, એકજ છે એ તો,
આપ્યાં જેણે સહુ સુખ, છે ઇસુ તે તો. ૨
બક્ષે જે તારણ તાજ, એકજ છે એ તો,
તે જગના તારણ કાજ જગથી દુઃખ સે'તો. ૩
જે થાય દુઃખી દુઃખ જોઇ, એકજ છે એ તો,
તે સમ નિરખ્યો નહિ કોઈ, જગ મધ્યે મેં તો. ૪
જે કદીએ નહિ તજનાર, એકજ છે એ તો,
હૈયાનાં દુઃખ હરનાર, પલમાંહે તે તો. ૫
જે હૈયે હેત વિશેષ, એકજ છે એ તો,
બંધવ કરતાં પણ બેસ, વહાલ કરે તે તો. ૬
દિલ દઇએ જેને ખાસ, એકજ છે એ તો,
મન થાય મહા ઉલ્લાસ, જો ભિતર રે' તો. ૭
જે રાખે નિર્મળ પ્રેમ, એકજ છે એ તો,
'કષ્ટિતો આવો' એમ, જે પ્રેમે કે'તો. ૮
જે પ્રેમની છાયા શાંત, એકજ છે એ તો,
થાકેલાનો . વિશ્રાંત, શીતળ છે તે તો. ૯

માઠાં વચનો વદનાર, એકજ છે એ તો,
દુ:ખડાં દિલ ભિતરનાં, સહુ સમજે તે તો. ૧૦
થઈ રહીએ જેના દાસ, એકજ છે એ તો,
જે પ્રેમ તણો છે ખાસ, ઝૂબ ઝરો વ્હેતો. ૧૧
જગ કાજે આપ્યો પ્રાણ, એકજ છે એ તો,
કીધું જગનું શુભ ત્રાણ, એમ ઇસુ એ તો. ૧૨
રહીએ નિત જેની પાસ, એકજ છે એ તો,
જે પર છે સઘળી આશ, છે ઇસુ તે તો. ૧૩

---

૭૧ જયસ્તોત્ર.

પ્રીતભર ભયહારી સુખકારી બળધારી,
પ્રભુ ઈસુનો વદો જયકાર.
તેણે અધમ નિહાળી સહુ વિપત વિદારી,
પ્રભુ ઇસુનો વદો જયકાર. ટેક.

હતો રાજ ઘણો બળવાન, સરવોત્તમ પ્રીતિમાન,
પ્રેમથી રેમથી તજી સુખ અનુપ, ધર્યું મનુષરૂપ. પ્રીત.
ધન રે ધન તારો પ્યાર, દરશાવ્યો અપરમ્પાર,
કામથી નામથી કર્યું અધિક સુખ, ટળ્યું નરક દુ:ખ. પ્રીત.
પામીને જગ પર જીત, કર્યું શત્રુદળ લજ્જિત.
જોરથી શોરથી કરો જય પોકાર, થયો પૂરણોદ્ધાર. પ્રીત.
ધરો તારણની જો આશ, કરો ખ્રીસ્ત ઉપર વિશ્વાસ,
સર્વમાં સર્વદા, આ સુખદ વાત, કર પ્રગટ ભ્રાત. પ્રીત.

સમાપ્ત.

ચોપડી મળવાનાં ઠેકાણાં.

રેવ. પીતાંબર શામજીભાઇ, મિશન હાઉસ, આણંદ.
મી. રતનચંદ ભાણાભાઇ, મિશન હાઉસ, ડાકોર.